
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-4 * Issue-2
DECEMBER-2003
માગશર
ડિસેમ્બર-૨૦૦૩
આત્મ સંવત : ૧૦૮
વીર સંવત : ૨૫૩૦
વિક્રમ સંવત : ૨૦૬૦
પુસ્તક : ૧૦૧

निर्धनोऽपि धनाढ्योऽस्ति यस्यास्ति हृदयं धनि ।
धनाढ्योऽपि दरिद्रोऽस्ति दरिद्रो हृदयेन यः ॥

*

જેનું હૃદય ધનાઢ્ય છે તે નિર્ધન છતાં ધનાઢ્ય છે; અને જેનું હૃદય દરિદ્ર છે તે ધનાઢ્ય છતાં દરિદ્ર છે. ૮

*

He whose heart is rich, is rich, even though he be poor. and he whose heart is poor, is poor, even though he be rich. 8

*(કલ્યાણભારતી ચેપ્ટર-૧૩ : ગાથા-૮, પૃષ્ઠ-૨૭૩)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુગંધ અને દુર્ગંધ

રસ્તે ચાલતાં હોઈએ અને વચ્ચે બગીચો આવે તો ઘડીક બેસવાનું કે ઊભા રહેવાનુ મન થાય છે.....કારણ ? વૃક્ષની છાયા અને ફૂલોની સુગંધ તન મનને તાજગી સભર બનાવી દે છે.....

બજારમાં નીકળતાં અત્તરની દુકાન પાસેથી પસાર થતાં પણ ઘડીક થોભવાનું મન થાય છે...કારણ ? અત્તરમાંથી નીકળતી સુગંધ આપણાં મનને હરી લે છે.

એ જ માર્ગે ચાલતા વચ્ચે ઉકરડો કે ગટર આવે તો ? નાકે રૂમાલનો ડૂચો દઈ ઝડપથી પસાર થઈ જઈએ છીએ. અરે ! આપણી ચાલવાની ગતિ પણ તેજ થઈ જાય છે. દુર્ગંધ ગમતી નથી એટલે જ ને ?

સુગંધ - દુર્ગંધ અક્ષરનો સ્હેજ અમથો તફાવત, પરિણામમાં આભ - જમીન જેટલું અંતર.

તારી પાસે કોઈ આવે - બેસે તારી સલાહ લે, તારૂં કહ્યું માને, તારૂં ધાર્યું થાય તો તને ગમે ને ? પ...ણ એ બને ક્યારે ? તારા વિચાર - વાણી - વર્તનમાંથી સદ્ભાવ-પરોપકાર-આત્મીયતાની સુગંધ ફેલાતી હશે તો. અન્યથા ઘરના પણ તારાથી દૂર ભાગશે.

ઉપરોક્ત સદ્ભાવ આદી ગુણોનું ઉદ્ભવ સ્થાન છે સત્સંગ અને સદ્વાંચન.

સત્સંગનો જોગ મળે તો ચૂકવું નહિ - તેના અભાવે સદ્વાંચન કરતા રહેવું.

સતત જો પ્રયત્નશીલ રહીશ તો જીવન સુગંધમય બન્યા વિના નહિ રહે પરિણામે બધા તારા વશમાં થશે.....


**અભિષેક એક્સપોર્ટ**

અભિષેક હાઉસ, કદમપલ્લી સોસાયટી,
જીવન ભારતી સ્કૂલ સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : ઓ. (૦૨૬૧) ૨૪૬૦૪૪૪ ફેક્સ : ૨૪૬૩૬૫૭


For Private And Personal Use Only

ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

(ફક્ત સભ્યો માટે)

* * *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ

(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ

(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ

(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્‌મંત્રી

(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્‌મંત્રી

(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્‌મંત્રી

(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા

(૧) નૂતન વર્ષના મંગલ પ્રભાતે
—પ્રમોદકાંત ખીમચંદ શાહ ૨

(૨) આરાધનાનું અમૃત
રજૂઆત : દિવ્યકાંત સલોત ૬

(૩) અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૧૧)
—કાંતિલાલ દીપચંદ શાહ ૯

(૪) અહિંસા : એક પરિશીલન
—પં.શ્રી ભુવનસુંદરવિજયજી મ. ૧૧

(૫) પ્રભુ મહાવીરના ૧૦ ફરમાનો, ૬ સંદેશ, ૩ ઉપદેશ, ૧ આદેશ
—આર. ટી. શાહ ૧૪

(૬) પોતાની જરૂરિયાત જતી કરીને.....
—ચંદ્રહાસ ત્રિવેદી ૧૭

(૭) સમ્યક્ દ્રષ્ટિ વિના તત્ત્વજ્ઞાન.....
—કુમારપાળ દેસાઈ ૧૯

(૮) માનવધર્મ એટલે શું ?
—દિપકભાઈ દેસાઈ ૨૧

**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

**શાહ ચંદ્રકાંતભાઈ રતિલાલ**

(નરેશ ટી સ્ટોરવાળા)

દાણાપીઠ, ભાવનગર-૩૬૪૦૦૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

*પ્રમોદકાંત ખીમચંદ શાહ*

''શ્રી આત્માનંદ પ્રકાશ'' માસીક ૧૦૦ વર્ષ પુરા કરી ૧૦૧ વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભા એકસો સાત વર્ષ પુરા કરી એકસો આઠમાં વર્ષમાં પ્રવેશ કરે છે જે આપણા સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે.

''શ્રી આત્માનંદ પ્રકાશ'' આત્મજ્ઞાનની સુગંધ ફેલાવતું અને સદ્‌વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું આ માસીક સારી પ્રગતિ કરી રહ્યું છે.

અમે આ માસીકમાં વિદ્વાન પૂ. ગુરુભગવંતોના લેખો, જૈનધર્મના તત્ત્વજ્ઞાનના લેખો, વિદ્વાન લેખક-લેખિકાઓ તેમ જ પ્રાધ્યાપકો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઇતિહાસના લેખો, વ્યક્તિ ભાવના લેખો તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલા પ. પૂ. ગુરુભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલા ધાર્મિક અનુષ્ઠાનો-આરાધનાઓ, ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા એક નજર કરીએ.

શ્રી જૈન આત્માનંદ સભા સાહિત્ય તેમજ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ. પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે ચાલીશ વર્ષનો અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ 'શ્રી દ્વાદ્‌શારં નયચક્રમ' ના ત્રણ ભાગોનું આપણી સંસ્થાએ પ્રકાશન કરેલ છે. જેની દેશ-પરદેશ જેવા કે જાપાન, જર્મની, ઓસ્ટ્રીયા, અમેરીકા વિગેરે દેશોમાં સારી માંગ છે. તેના પહેલા ભાગનું (પુનઃ મુદ્રણ) પણ સંવત ૨૦૫૪ની સાલમાં કરવામાં આવેલ હતું. પ. પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે સંપાદિત કરેલ 'ઠાણાંગ સૂત્ર'ના બે ભાગોનું પ્રકાશન પણ આ વર્ષમાં કરવામાં આવેલ છે.

આપણી સભાએ સભાના સ્થાપનાના ૧૦૧માં વર્ષના પ્રવેશ વખતે પ. પૂ. આચાર્યશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી 'શ્રી તીર્થંકર ચરિત્ર' (સચિત્ર)નું પ્રકાશન કરેલ છે.

સંવત ૨૦૫૮ના વર્ષમાં પૂ. પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી ''શ્રી બૃહત્ કલ્પસૂત્રમ્'' સંસ્કૃત ભાષામાં ભાગ ૧ થી ૬ નું પ્રકાશન કરવામાં આવેલ છે. જે પ. પૂ. સાધુ મહારાજ સાહેબો, સાધ્વીજી મહારાજો તથા ઉપાશ્રયોને વિનામૂલ્યે આપવામાં આવે છે. (જેની છ ભાગની કિંમત રૂા. ૧૨૫૦ થાય છે. સભાએ આજસુધીમાં સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતી એવા ૨૫૦ ગ્રંથોનું પ્રકાશન કરેલ છે.

આ સભા પોતાની માલિકીના વિશાળ મકાનમાં ''શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતા તથા શ્રીમતી સાવિત્રીબેન રમણિકલાલ મહેતા લાઈબ્રેરી હોલ''માં જાહેર ફ્રી વાંચનાલય ચલાવે છે, જેમાં સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમજ મુંબઈના દૈનિક વર્તમાન પત્રો, વ્યાપારને લગતા અઠવાડિકો તથા જૈન ધર્મના બહાર પડતા વિવિધ અઠવાડિકો, માસિકો વાંચન અર્થે મૂકવામાં આવે છે, જેનો જૈન-જૈનેતરો બહોળા પ્રમાણમાં લાભ લે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સંસ્થા દ્વારા લાઈબ્રેરી પણ ચલાવવામાં આવે છે, જેમાં પ્રતો, જૈનધર્મના પુસ્તકો, સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી પુસ્તકો તથા નોવેલોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોનો લાભ પ. પૂ. ગુરુભગવંતો અને સાધ્વીજી મહારાજ સાહેબો ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનાભ્યાસ તેમજ વ્યાખ્યાન સમયે પ્રવચનાર્થે સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જૈન તેમજ જૈનેત્તર ભાઈ-બહેનો પણ સારા પ્રમાણમાં આ લાઈબ્રેરીનો ઉપયોગ કરી રહ્યા છે.

**ધાર્મિક પ્રવૃત્તિઓ :** સંવત ૨૦૫૯માં તા. ૧૨-૧-૨૦૦૩ને રવિવારના રોજ ઘોઘા, પાર્શ્વભક્તિધામ-તણસા, તળાજા, દાઠા, પાલીતાણા તળેટીનો એક દિવસીય તીર્થયાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સભાના સભ્યશ્રી ભાઈ-બહેનો, ડોનરશ્રીઓ તથા મહેમાનો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. યાત્રામાં ગુરુભક્તિ તથા સ્વામિભક્તિ કરવામાં આવી હતી, તેમજ યાત્રાપ્રવાસ-પંચતીર્થી અનેરા ભક્તિભાવપૂર્વક અને ઉલ્લાસ સહ કરવામાં આવ્યો હતો.

**અન્ય પ્રવૃત્તિઓ :** સં. ૨૦૫૯ના કારતક સુદ પાંચમને શનિવાર તા. ૯-૧૧-૨૦૦૨ના રોજ સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રિના નવ વાગ્યા દરમ્યાન અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો સકળ શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકા ભાઈ-બહેનો તથા નાના નાના બાલક-બાલિકાઓએ હોંશપૂર્વક જ્ઞાનની ગોઠવણી નિહાળવા, દર્શન વંદન અને જ્ઞાનપૂજનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

**કેળવણી વિષયક પ્રવૃત્તિઓ :** શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના ઉપક્રમે અને ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ, ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈના સહયોગથી તા. ૫-૧૨-૨૦૦૨ને ગુરુવારના રોજ કોલેજમાં અભ્યાસ કરતાં ૫૬ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

ધો. ૧૦ તથા ધો. ૧૨નો સંસ્કૃત વિષયક ઈનામી સમારોહ ગત તા. ૧૫-૧૨-૨૦૦૨ને રવિવારના રોજ શ્રી દાદા સાહેબ-આરાધના હોલ ખાતે ડૉ. શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતા પરિવારે ઘાટકોપર-મુંબઈ ખાતે આરાધનાભવનના નવનિર્માણ અર્થે આપવામાં આવેલ અનુદાનની અનુમોદનાર્થે ઘાટકોપરના શ્રીસંઘના ટ્રસ્ટીવર્યોશ્રી દ્વારા રાખવામાં આવેલ બહુમાન સમારંભની સાથે રાખવામાં આવેલ. ધો. ૧૦ના સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર, [૨૦૦૨-માર્ચની પરીક્ષાઓમાં] આપણા સમાજના તેજસ્વી તારલારૂપે ૪૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટના આર્થીક સહયોગથી રૂા. ૨૨૫ સુધીના રોકડ ઈનામો, દરેકને એક સુંદર મોમેન્ટો તથા નયનરમ્ય ટુ કલર અભિનંદન પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આજ રીતે ધો. ૧૨ના સંસ્કૃત વિષયમાં ૬૫ કે તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારા [૨૦૦૨ની માર્ચની પરીક્ષાઓમાં] ૨૯ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શેઠશ્રી શશીભાઈ વાધર (શશી ઈન્ડસ્ટ્રીઝ-ભાવનગર)ના આર્થીક સહયોગથી રૂા. ૨૫૦ સુધીના રોકડ ઈનામો, દરેકને એક એક સુંદર મોમેન્ટો તથા નયનરમ્ય ટુ કલર અભિનંદન પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

૨૦૦૩ના માર્ચ-એપ્રીલમાં લેવાયેલ પરીક્ષાઓમાં ધો. ૧૦ તથા ધો. ૧૨માં સંસ્કૃત વિષયમાં સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સંસ્કૃત વિષયક પારિતોષિક એનાયત સમારંભ તથા કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિષ્યવૃત્તિ એનાયત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનો એક સમારંભ તા. ૧૭-૮-૦૩ને રવિવારના રોજ યોજવામાં આવ્યો હતો.

**શિષ્યવૃત્તિ** : ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ. ઘાટકોપર-ઇસ્ટ, મુંબઈ તરફથી કોલેજમાં અભ્યાસ કરતાં ૭૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શૈક્ષણિક સહાય એનાયત કરવામાં આવેલ, આ પ્રસંગે શ્રીમતી હંસાબેન પારેખ તથા ડૉ. શ્રી હસમુખભાઈ પારેખે ખાસ હાજરી આપી હતી.

**સંસ્કૃત પારિતોષિક** : સુરત નિવાસી શેઠશ્રી ચંપકલાલ મગનલાલ વોરા. (હસ્તે શ્રી શૈલેષભાઈ વોરા) તરફથી ધો. ૧૨ના ૧૪ અને ધો. ૧૦ના ૩૦ મળી કુલ ૪૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોને રોકડ રકમ, મોમેન્ટો તથા પૂજાબેગ અર્પણ કરવામાં આવેલ. બધા જ વિદ્યાર્થી ભાઈ-બહેનોને કારોબારીના સભ્ય શ્રી નિરંજનભાઈ સંઘવી તરફથી એક આકર્ષક બોલપેન શુભેચ્છા સહ અર્પણ કરવામાં આવેલ. તથા સભા તરફથી આકર્ષક અભિનંદન પત્ર તથા ન્યાયાંભોનિધિ પૂ. આ. શ્રી આત્મારામજી મહારાજ સાહેબનો એક રંગીન ફોટો દરેકને દર્શનાર્થે અર્પણ કરવામાં આવેલ.

સંવત ૨૦૫૯માં એક પેટ્રન તથા ચાર આજીવન સભ્ય થયા છે.

આ સભાની પ્રગતિમાં પ. પૂ. ગુરુભગવંતો, પ. પૂ. સાધ્વીજી મહારાજો વિદ્વાન લેખક-લેખિકાઓ, પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓ વિગેરેએ જે સાથ-સહકાર આપેલ છે તે સર્વેનો ખૂબ જ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેનું જીવન આનંદ અને ઉલ્લાસપૂર્વક વૃદ્ધિવંત બને તેવી પ્રભુ પાસે પ્રાર્થના અને શુભેચ્છાઓ સહ નૂતન વર્ષાભિનંદન.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.**

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ડોન, કૃષ્ણનગર, વડવા પાનવાડી, રૂપાણી, સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર.

**તા. ૧૫-૧૦-૨૦૦૩ થી અમલમાં આવતા ડીપોઝીટના વ્યાજના દરો**

| ફીક્સ ડીપોઝીટ | વ્યાજનો દર | ફીક્સ ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૬.૦ ટકા | સેવિંગ્ઝ ખાતા પર વ્યાજ | ૩.૫ ટકા |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૬.૫ ટકા | ૧૦૫ માસે ડબલ રકમ રૂ. ૧૦૦૦/-ના રૂ. ૨૦૦૦/- મળશે. | |
| ૧ વર્ષથી ૩ વર્ષ સુધી | ૭.૫ ટકા | સીનીયર સીટીઝનને ૧ ટકો વધુ વ્યાજ મળશે. | |

સેવક - શરાફ - સંત્રી નો ત્રિવેણી સંગમ

એટલે જ શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્ક લિ.

વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા શાખાનો સંપર્ક સાધવો.

**બેન્કની વડવા - પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાનાં ધોરણે પસંદગીનાં લોકર ભાડે આપવામાં આવે છે.**

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
વેણીલાલ એમ. પારેખ — મેનેજિંગ ડિરેકટર
નિરંજનભાઈ ડી. દવે — ચેરમેન



**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૨૨૦૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૨૨૦૦૪૨૬

પરેશભાઈ
ઘર : ૨૫૧૬૬૩૯


જે વૃદ્ધો યુવાનોની સુયોગ્ય વાતને સ્વીકારી લેતા હોય છે, એ ધન્યવાદને પાત્ર ગણાય, પરંતુ જે યુવાનો વૃદ્ધોની અનુભવવાણી શિરોધાર્ય કરવામાં નાનમ ન અનુભવે, એને તો ધન્યાતિધન્ય ગણવા જોઈએ.


**મહાગુજરાત સિલ્ક સિલેકશન**

(પરંપરામાં ૪૭ વર્ષ)

નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૬૧૦, ૬૫૮૫૧૪૬

**એમ. જી. સિલ્વર જ્વેલર્સ**

**(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)**

બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**શાહ મનસુખલાલ કુંવરજી**

(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આરાધનાનું અમૃત

રજુઆત : દિવ્યકાંત સલોત

સંસાર ચક્રવાલમાં પરિભ્રમણ કરતા પ્રાણીને જ્યાં સુધી સાચો સથવારો મળે નહિ ત્યાં સુધી ભવભ્રમણ ટળે નહિ. અનાદિકાલથી સંસાર સાગરમાં અટવાતા આત્માને તીર્થંકર દેવ જેવા સહાયક મળે ત્યારે જ આત્મ સ્થિતિ સુધરે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરાધના આત્મશક્તિનો અખૂટ ખજાનો એકત્ર કરવા માટે અત્યંત ઉપયોગી છે. વાસનાના વિષધરો જ્યારે આત્માને ફંફોળી ખાતા હોય ત્યારે આરાધનાનું અમૃત વિષધરોના વિષને પણ દુર કરે છે આત્માને મુક્ત દશામાં આણે છે.

શંખેશ્વર પાર્શ્વનાથની આરાધના એ સમકિતની નીશાની.

સમકિત પામનાર આત્મા નિયમા મોક્ષે જવાના.

ભગવાન પાર્શ્વનાથનાં જન્મ વિગેરે કલ્યાણક જ્યારે થએલાં છે તે દિવસોમાં શ્રી પાર્શ્વનાથ ભ.ની નિર્મળ આરાધના દ્વારા આત્મશક્તિને એકત્રિત કરવા તત્પર બનવું જોઈએ.

ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજે. 'પોષદશમીની આરાધના કેવી રીતે કરવી? એમ જ્યારે પૂછેલું ત્યારે પરમ કૃપાલુ પરમાત્મા શ્રી મહાવીર દેવે ભવ્યજનોને હિતકારી ઉપદેશ આપતાં ફરમાવ્યું કે,

'પોષ દશમી એ પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકનો દિવસ હોઈ એ દિવસની નિર્મલ આરાધના કરનાર ભવ્યાત્મા આ ભવ અને પરભવમાં પાપ વ્યાપારોથી નિવૃત્ત પામનારો બને છે.'

## 'પોષ દશમીની આરાધના'

★ માગશરવદિ નોમ, દશમ અને અગિયારસ ત્રણ દિવસ એકાસણાં કરવાં.

નોમના દિવસે સાકરના પાણીનું અને દશમના દિવસે ખીરનું એકાસણું, આ બે દિવસ ઠામચોવિહાર એકાસણા કરવા અને અગીયારસના દિવસે અનુકુળતા મુજબ એકાસણું કરવું. નોમ અને દશમ એ બે દિવસ 'શ્રી પાર્શ્વનાથાય અર્હતે નમઃ' ની વીસ વીસ નવકારવાળી રોજ ગણવી. બારખમાસમણાં, બાર સાથીયા, પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની ભક્તિ ભાવપૂર્વક શક્યતા મુજબ અંગપૂજા અને અગ્રપૂજા કરવી.

★ શ્રી પાર્શ્વનાથ સ્વામી આરાધનાર્થે કાઉસ્સગ્ગ કરૂં? (ઇરિયાવહિયં કર્યા પછી) આ પ્રમાણે બોલી બાર લોગસ્સ અથવા અડતાલીસ નવકારનો કાઉસ્સગ્ગ કરવો લોગસ્સ 'ચંદેસુનિમ્મલયરા' સુધી બોલવો.

દશ વર્ષ સુધી આ રીતે આરાધના કરનાર ભવ્યાત્મા કર્મજન્મ અનેક જાતની આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી જલ્દી મુક્ત બને છે અને શાશ્વત શિવધામને મેળવવા ભાગ્યશાળી બને છે.

આરાધનામાં બે ટાઈમ પ્રતિક્રમણ, ત્રણ ટાઈમ દેવવંદન પણ કરવા જોઈએ.

પોષ દશમીની આરાધના દ્વારા મહા-ભાગ્યશાળી શ્રી સુરદત્ત શ્રેષ્ઠી જે સામગ્રીને પામ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો રસિક ઇતિહાસ પણ જોવા જેવો છે.

સુરેન્દ્રપુરના ઉદ્યાનમાં સમિતિ ગુપ્તિ સાધક આચાર્ય શ્રી જયઘોષ સૂરિજી મહારાજા પધાર્યા છે. તે વખતે દરિદ્રતાની સાક્ષાત્ મૂર્તિ જેવો સુરદત્ત શ્રેષ્ઠી પણ ત્યાં આવેલો છે, દરિદ્રનારાયણ જેવા તેના હાલ છે. એના અંતરમાં ઉલ્કાપાત મચી રહ્યો છે. ગુરુદેવની દેશના સાંભળી, વાણી સુધાનું પાન કરી પાવન બનેલો સુરદત્ત એકાન્તમાં ગુરૂદેવને પૂછે છે.

'ગુરુદેવ! અનર્ગલ લક્ષ્મીનો હું સ્વામી હતો પણ આજે મારી પાસે કાણી કોડી પણ રહી નથી. મારા દુઃખની દાસ્તાન રજુ કરતાં શબ્દોની શરવાણી પણ સૂકાઈ જાય એમ છે. દુઃખ અને દર્દમાં બેહાલ બનેલા મને કોઈ ઉપાય બતાવો.'

'મહાનુભાવ! લક્ષ્મી આવે અને જાય એ કોઈ મોટી વાત નથી આજનો ભિખારી કાલે તવંગર બની જાય. આજનો રાજા કાલે રસ્તાનો રઝળતો રંક પણ બની જાય. એવી વિષમ સ્થિતિમાં ધર્મને સમજેલો આત્મા કદી વિષાદ ધારણ કરે નહિ. છતાંય તમારી આત્મશુદ્ધિ માટે તમારે 'પોષદશમી'ની આરાધના કરવી જોઈએ. પ્રભુ પાર્શ્વનાથના પ્રકટ પ્રભાવના પ્રતાપે તમે સર્વ અભીષ્ઠ વસ્તુને અનાયાસે પ્રાપ્ત કરશો.' આચાર્ય જયઘોષસૂરિજી ગંભીર ધ્વનિથી બોલ્યા.

ગુરૂના વચનથી ગાંઠવાળી તે જ દિવસથી પોષદશમીની આરાધનાના નિશ્ચય સાથે સુરદત્ત ઘેર ગયો.

માગશર વદિ નોમ, દશમ, અગિયારસના એકાસણાં સાથે પ્રભુ પાર્શ્વનાથની આરાધના સુરદત્ત કરવા લાગ્યો. દશ વર્ષની તે આરાધના પૂર્ણ થતાં જ, કાલકૂટ બેટમાં અટવાયેલા શેઠનાં સવાબસો વહાણ આપોઆપ શેઠને મળી ગયા. ઘરનાં ભંડારમાં સાપ અને વીંછી રુપે થઈ ગએલ અગીયાર ક્રોડ સોના મહોર પૂર્વવત્ બની ગઈ.

શેઠ શેઠાણી પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યેની અચલ અને અટલ ભક્તિવાળા બની જૈન ધર્મના પરમ ઉપાસક બન્યા. રાજાએ તેમનું શ્રેષ્ઠીપદ નિર્ધનતાના કારણે લઈ લીધું હતું તે પણ પાછું આપ્યું.

લોકોમાં મહામહિમાશાલી પાર્શ્વનાથ પ્રભુનો મહિમા વધવા લાગ્યો. ઘણાં ભાવુકો પણ આરાધનાના માર્ગે પ્રયાણ કરવાં તત્પર બન્યા. સુરદત્ત શેઠે આચાર્ય સુખેન્દ્રસૂરિજી મહારાજ પાસે સંયમને સ્વીકાર્યું. પુત્રે પણ પિતા પાછળ પાર્શ્વનાથની આરાધના ચાલુ રાખી. સુરદત્તમુનિ પાર્શ્વપ્રભુ પર પૂર્ણ આસ્થાવાળા બની માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા કરતા આયુષ્ય પૂર્ણ થતાં દશમા પ્રાણિત દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં રાજકુમાર તરીકે અવતરી સંયમ સ્વીકારી મોક્ષે પધાર્યા.

આવો છે પાર્શ્વનાથ પ્રભુની આરાધનાનો પ્રતાપ. આરાધનાના અમૃતને મેળવનાર મહા ભાગ્યશાળી આત્મા સંસારના વિષમય વિષમ વાતાવરણમાંથી જલ્દી ઉગરી જાય છે પોષદશમીની આરાધના કરનાર આત્માએ દર કૃષ્ણ પક્ષની દશમીએ એકાસણું કરી, પાર્શ્વનાથ પ્રભુની ૨૦ નવકારવાળી ગણવી જોઈએ, પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓનો પણ આદર કરવો જોઈએ જેનાથી આરાધના જલ્દી ફળે.

તીર્થની યાત્રા કરનાર કે તીર્થંકરની આરાધના કરનાર આત્માએ સામાન્યતઃ અભક્ષાદિના ત્યાગી, રાત્રીભોજનના ત્યાગી બનવું જોઈએ. કંદમૂળ, રાત્રીભોજન, બહારની અભક્ષ ચીજો આત્માને આરાધનાથી વિમુખ બનાવે છે. આત્મત્વની અધોગતિને નોતરાવે છે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાધિ અને બોધિની પ્રાપ્તિ માટે પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ નામમાંથી પણ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના નામનો જાપ કલિકાલમાં કલ્પતરુ સમાન વિશેષતઃ ફળ આપનાર છે. કહેવાય છે કે પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય સાધુઓ કાળધર્મ પામી ઘણા ભવનપતિ દેવમાં ઉત્પન્ન થયા છે. ત્યાં પ્રભુ પ્રત્યે અવિહડ રાગથી શાસન ભક્તિથી શ્રી પાર્શ્વપ્રભુના મહિમાને અત્યંત વધારતા ભક્તોને ઈષ્ટ ફલ સિદ્ધિમાં સહાયક બને છે.

શંખેશ્વર પાર્શ્વનાથની નિયમિત આરાધના કરનાર મહાનુભાવે નીચે પ્રમાણે આરાધના કરવી, જેથી એ આરાધનામાં અંતરની ઉર્મી ભળતાં સદ્યઃ ફલવતી આરાધના બને.

દરરોજની શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરાધના :---

પ્રાતઃ કાર્યમાં પ્રતિક્રમણાદિકમાંથી નિવૃત્ત થઈ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરાધનાનો પ્રારંભ કરવો.

(૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ચૈત્યવંદન અથવા (આઠ થોયથી) દેવવંદન એક વખત અવશ્ય કરવું. તે પણ પ્રાતઃ કાળે જ કરવું, ઈરિયાવહિયા પૂર્વક. (ચૈત્યવંદન-દેવ-વંદન-જાપ-ધ્યાન આદિમાં શ્રી શંખેશ્વરની મૂર્તિની સાદશ્ય કલ્પના આપણી સન્મુખ ઘડવી અથવા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો ફોટો સન્મુખ રાખવો.)

*[કલિકાલ કલ્પતરૂં પુસ્તકમાંથી સાભાર]*

❀ ❀ ❀

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા**

## જ્ઞાન પંચમી મહોત્સવની ઉજવણી

**પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ સં. ૨૦૬૦ કા.સુ.૫ બુધવાર તા. ૨૯-૧૦-૦૩ના રોજ જ્ઞાનપંચમીના પાવન પર્વના માંગલિક અવસરે સભાના વિશાળ લાઈબ્રેરી હોલ ખાતે સુંદર, કલાત્મક અને લાઈટ ડેકોરેશનના ઝગમગાટપૂર્વક જ્ઞાનની ગોઠવણી સભાના સ્ટાફ ભાઈઓ દ્વારા કરવામાં આવી હતી.**

**સવારના ૬ વાગ્યાથી રાત્રીના ૯ દરમ્યાન પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, સકળ શ્રીસંઘના ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ તથા નાના-નાના બાલક-બાલિકાઓએ આ નયનરમ્ય જ્ઞાનની ગોઠવણીના હોંશપૂર્વક દર્શન-વંદનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો. ઘણા બાળકો કાગળ-કલમ આદિ સાથે લાવી જ્ઞાનની ભક્તિભાવપૂર્વક પૂજા કરી હતી.**

**સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણીના દર્શનાર્થે આવનાર વિશાળ દર્શનાર્થીઓના અવિરત સમુહને જોઈ ટ્રસ્ટીગણે ઊંડા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.**

❑ ❑ ❑

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૧૧)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## અષ્ટાપદ દર્શન

આજે અમારે ઉંચામાં ઉંચો અને કઠણમાં કઠણ ચડાઈવાળો દોલ્માપાસ પસાર કરવાનો હતો. બૌધ ધર્મના દેવી દોલ્મા દેવી ઉપરથી આ નામ પડયું છે. ત્યાં આગળ દોલ્મા દેવીનું સ્થાનક છે. અને ત્યાંથી કૈલાસના દર્શન થાય છે. આ સ્મારક પાસે હવન તથા પૂજા પાઠ થાય છે. આગળ ઉપર ગૌરીકુંડ આવે છે. એમ કહેવાય છે કે પાર્વતીજી આ કુંડમાં સ્નાન કરવા આવતા. સવારે જાગ્યા ત્યારે જોયું તો ચારે બાજુ બરફ બરફ જ છવાયેલો હતો. વાતાવરણમાં ધુમ્મસ હતું ગઈ કાલે સાંજે જે કૈલાસ પર્વત દેખાતો હતો તે અત્યારે બિલકુલ દેખાતો ન હતો. દરેક યાત્રિકો ચિંતામાં પડી ગયા કે યાત્રાનું શું થશે? ૧૯,૫૦૦ ફુટ પર આવેલા દોલ્મા પાસ ઉપરથી દશ વાગ્યા પહેલા પસાર થવું જરૂરી છે. નહિતર ઝંઝાવતી પવન અને બરફના વરસાદનું જોખમ રહે છે. દરેક યાત્રિકો પોતપોતાના ધર્મના મંત્રો બોલવા લાગ્યા. હું નમસ્કાર મહામંત્ર બોલ્યો અને તેનું સતત રટણ કર્યું. આમ છતાં ઇશ્વરે અમારી વિનંતી સ્વીકારી નહિ એટલે એવું નક્કી થયું કે જેઓ, યાક ઉપર આવેલા તેઓ દારચેન તળેટી પાછા જાય અને સશક્ત યાત્રી આગળ પ્રદક્ષિણા કરે. આ નિર્ણય સાંભળી બે ત્રણ યાત્રિકો કહે કે આટલે સુધી આવ્યા પછી પાછા જવા માંગતા નથી ભલે અમે પરિક્રમા કરતાં મરણ પામીએ. નિયમ એવો છે કે લાયઝન ઓફિસર જે નિર્ણય કરે તે દરેક યાત્રિકે માનવો પડે. મેં તો પાછા ફરવાની વાત તરત જ સ્વીકારી લીધી. ઇશ્વરે જ પ્રેરણા કરી રહેલ કે તારે તો અષ્ટાપદજીની જ યાત્રા કરવાની છે.

નિરાશ થયેલા યાત્રિકો દારચેન પાછા આવ્યા કોઈ મુડમાં ન હતા. કોઈ એકબીજા સાથે વાતચીત પણ કરતું ન હતું. ચા-પાણી પીધા પછી જરા સ્વસ્થ થતાં મેં યાત્રિકોને અષ્ટાપદ જવાનો પ્રસ્તાવ મુક્યો. જેમાં ત્રણ જણા આવવા તૈયાર થયા. બીજે દિવસે સવારે ચાર યાત્રિકો તથા એક ગાઈડ પવિત્ર અષ્ટાપદજીના દર્શને જવા નીકળ્યા. વાતાવરણમાં ગાઢ ધુમ્મસ હતું નદીનું પાણી ખળખળ વહી રહ્યું હતું. ઠંડીને હિસાબે નદીના પાણીમાંથી ધુમાડા નીકળી રહ્યા હતા. દારચેન છુ નદી પુલ ઉપર થઈને પસાર કરી ધીરેધીરે ચાલતા આગળ વધી રહ્યા હતા. દારચેન છુ નદી અષ્ટાપદ પાસેથી નીકળે છે. તેથી તેને કિનારે કિનારે ચાલવાનું હતું ચઢાણ એકદમ સીધું જ હતું. સૂર્યનારાયણના દર્શન થતાં ઠંડીનું પ્રમાણ ઓછું થયું ધુમ્મસ વિખરાઈ ગયું અને તડકો મીઠો લાગવા લાગ્યો. પાંચ કિ. મી. થકવી નાંખે તેવું ચઢાણ પછી એક બૌદ્ધ મઠ આવી પહોંચ્યા. મઠમાં જઈને બૌદ્ધ ભગવાનના દર્શન કર્યા. બૌદ્ધ સાધુએ ચા બનાવી આપી. ચા અને નાસ્તો કર્યો, ફોટાઓ પાડ્યા અને થાક ઉતર્યો. આ મઠ સાત સંત બુદ્ધોનું સમાધિ સ્થાન છે. તિબેટી યાત્રીકો આ મઠના દર્શન કરવા આવે છે.

સામે જ નજર કરતાં બરફ આચ્છાદિત ગુર્લા માંધાતાની પર્વતમાળા દેખાતી હતી. બીજી બાજુ રાક્ષસ તાલ સરોવર દેખાતું હતું. સર્પાકાર નદીવાળું બરખાનું મેદાન હતું પાછળ નજર કરતાં ભુખરા પથ્થરોથી બનેલા પર્વતોની હારમાળા હતી. પર્વતોની ઉપર કુદરતી રીતે જ કોતરેલા પગથીયા હતા. એમજ માની બેસીએ કે આ અષ્ટાપદ છે. બૌદ્ધ મઠમાંથી નીકળી પાંચે જણા આગળ ચાલ્યા થોડું ચાલ્યા પછી એક ભાઈ કહે કે મારાથી આગળ ચલાતું નથી. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈ મઠમાં ગયા અને નક્કી કર્યું કે સાથે સાથે પાછા જઈશું. એકાદ કલાક ચાલ્યા પછી રેતીવાળી જમીન આવતાં હું પણ થાક્યો આગળ ચાલતા ત્રણે થાક્યા અને બેસી ગયા. મને ઈશારો કરીને તેમની પાસે આવવા કહ્યું. એક એક ડગલું ભરવા અને લાકડીના સહારે તેમની પાસે પહોંચ્યો. પાતળી હવાને કારણે શ્વાસ ધમણની માફક ચાલતો હતો. બધા આરામ કરતાં હતા તેટલામાં એક ભાઈએ દરેકને ખાવા માટે મધ આપ્યું શું કુદરતી બની ગયું કે મધ ખાધા પછી અમારામાં ચાલવાનું જોર આવી ગયું. ગાઈડને કહ્યું કે આગળ જા અને ઈશારો કર કે અહિંયાથી અષ્ટાપદ દેખાય છે કે નહિ. કારણ કે બાર વાગ્યા હતા. પાછા વળવાનો પણ વિચાર કરવો પડે. સાંજે પાંચ પહેલા દારચેન ન પહોંચીએ તો મોટી ગરબડ થઈ જાય અમારે નસીબે ગાઈડે ઈશારો કર્યો કે અહિંયાથી અષ્ટાપદજીના દર્શન થાય છે. એટલે અમે ત્યાં પહોંચવાની હિંમત કરી. છેવટે અષ્ટાપદજીના દર્શન કર્યા.

શ્રી આદેશ્વર ભગવાનની નિર્વાણ કલ્યાણક ભૂમિના દર્શન કરતા ભાવવિભોર થઈ ગયા ઉદ્‌ગાર નીકળી પડ્યા! હે ત્રિલોકનાથ, હે આદેશ્વર ભગવાન તમોને કોટી કોટી વંદના, આંખમાંથી હર્ષના આંસુ આવવા લાગ્યા, શરીરમાં શૂન્ય અવકાશ થઈ ગયો ચોતરફ વિસ્તરેલી પ્રકૃતિની સૌંદર્ય લીલાનું પાન કરતા એકી નજરે બે હાથ જોડીને જોતા જ રહી ગયા. ભગવાને અમારી ઈચ્છાને પુરી કરી તેનો અહો ભાવ પ્રગટ કર્યો અને એકબીજાને ભેટ્યા. અષ્ટાપદ પર્વતથી ૨ કિ. મી. દૂર નદીને કિનારેથી અષ્ટાપદજીના દર્શન કર્યા. દરેકે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. સર્વધર્મ પ્રાર્થના બોલ્યા. હું જૈન પ્રાર્થના બોલ્યો. નવકાર મંત્રનું સ્મરણ કર્યું. હવન કરીને ફોટાઓ પાડયા. મનુષ્ય તથા પશુપક્ષીઓની હાજરી ન હોવાથી નિરવ શાંતિ હતી. આકાશ તથા વાતાવરણ ચોખ્ખું તથા આનંદદાયક હતું. પર્વત ઉપર એવું આભામંડળ રચાયેલું હતું કે જેનો સ્પર્શ થતાં મનના અશુભ પરિણામો શુદ્ધ બને છે. ટાઈમની મર્યાદા તથા થાકેલા શરીરથી નજીક જઈ શકાય તેવું ન હતું.

અષ્ટાપદ પર્વત એ કૈલાસનો દક્ષિણનો ભાગ છે. જે સંપૂર્ણ બરફથી છવાયેલો છે. જેના પર કોઈ ચડી શકતું નથી. વળી ત્યાં કોઈ મંદિર કે મૂર્તિ નથી પર્વતની વચ્ચમાં રસ્તા જેવું દેખાય છે. રસ્તાની આજુ બાજુ કાળા ભાગો દેખાય છે (તળાજાના ડુંગર ઉપર દૂરથી કાળા ભાગો છે તે ખરેખર ગુફાઓ છે) તે તે ભાગો ગુફાઓ પણ હોઈ શકે અથવા ચઢવાના પગથીઆ હોઈ શકે. નીચેના ભાગમાં ત્રણ લીંટીઓ દેખાય છે તેમાં એવું અનુમાન કરી શકાય કે અહિંયા ૫૦૦ તાપસોએ તપસ્યા કરી હશે થોડા વખત પહેલા નેપાલ સરકારે અષ્ટાપદ કૈલાસની પ્રદક્ષિણા કરવા હેલીકોપ્ટરની સેવા ચાલુ કરેલ તે હવે બંધ કરેલ છે. બે કલાક રોકાઈને છેવટના દર્શન કરીને તે જ રસ્તે પાછા ફર્યા. દારચેન સાંજે છ વાગ્યે પહોંચ્યા.

**જૈન સંશોધક માટે ખાસ સુચના :** સરકાર આયોજિત કૈલાસ માન સરોવર યાત્રામાં ચુસ્ત સમય પાલન હોય છે. એટલે આયોજકોએ જે પ્રોગ્રામ નક્કી કરેલ હોય તે રીતે જ ચાલવું પડે છે. જૈન યાત્રિકોએ કૈલાસની પ્રદક્ષિણાનો આગ્રહ છોડી દેવો. જ્યારે બીજા યાત્રિકો કૈલાસની પ્રદક્ષિણામાં જાય ત્યારે જૈન યાત્રિકોએ અષ્ટાપદજીને દર્શને જવું. રસ્તામાં આવતા બુદ્ધ મંદિરમાં રાત્રિનો મુકામ કરવો અને બીજે દિવસે અષ્ટાપદજીની જેટલી નજીક જવાય તેટલું જવું અને મંદિર કે મૂર્તિ માટે શોધખોળ કરવી સાંજે બુદ્ધ મંદીરે પાછા આવી રાત્રિ ત્યાં જ ગાળવી અને બીજે દિવસે બપોર સુધીમા શોધખોળ કરી શકાય સાંજે દારચેન પહોંચી જવું બને ત્યાં સુધી સશક્ત જુવાનોએ ત્રણથી ચારના ગ્રુપમાં જવું જેથી કોઈપણ જાતનો અકસ્માત બને તો એકબીજા સહાયમાં કામ આવે. આખા વિસ્તારમાં વાતાવરણનો કોઈ ભરોસો નહિ. આખી યાત્રામાં કોઈ તપસ્વી ઋષિનો ભેટો થયેલ નહિ.

*(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ✻ અહિંસા : એક પરિશીલન ✻

પંન્યાસ ભુવનસુંદર વિજયજી મ.સા. પરેલ-મુંબઈ

**હિંસા-અહિંસાની ચતુર્ભંગી :—**

**(૧) દ્રવ્યથી હિંસા છે, પણ ભાવથી નથી :**—જેમ કોઈ અપ્રમત્ત મુનિને ગોચરી જતાં અથવા વિહાર કરતાં આદિમાં હિંસા થઈ જાય. અહીં હિંસા થવા છતાં ભાવથી ઉપયુક્ત હોવાથી ભગવાને તેને અહિંસા કહી છે.

**(૨) ભાવથી હિંસા છે, પણ દ્રવ્યથી નથી :**—જૈનસાધુ પણ ઉપયોગ રહિત, અજયણાથી પ્રવૃત્તિ કરે તો તેમાં દ્રવ્યથી જીવવિરાધના ન થવા છતાં ભાવથી હિંસા લાગે જ છે. જેમ કે અસંયમથી ચાલતા, જીવ ન મરવા છતાં હિંસાનો દોષ લાગે જ છે.

તેમ અસંયત ગૃહસ્થ જેને પ્રાણાતિપાતથી વિરતિ નથી. તે દ્રવ્યથી જીવહિંસા ન કરતો હોવા છતાં ભાવથી તેને હિંસા-અવિરતિનો દોષ લાગે જ છે.

**(૩) દ્રવ્યથી પણ હિંસા અને ભાવથી પણ હિંસા :**—અસંયમી પ્રમાદી સાધુ કે અસંયત ગૃહસ્થને ભાવથી હિંસા હોય છે. અને તે જ્યારે જીવવધ કરે છે ત્યારે દ્રવ્યથી પણ હિંસા હોય છે.

**(૪) દ્રવ્યથી પણ હિંસા નહીં અને ભાવથી પણ હિંસા નહીં :**—અપ્રમત્ત સંયમી જે ઉપયોગવાળા હોય અને જેના પરિણામ શુદ્ધ છે. વળી જેને દ્રવ્યથી પણ કોઈ હિંસા થઈ નથી. તેને દ્રવ્ય કે ભાવ બન્નેથી હિંસા નથી.

દશપૂર્વધર પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં હિંસાની વ્યાખ્યા કરતા કહે છે કે—

પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોણમ્ હિંસા.

અર્થ :—પ્રમાદભાવથી જે જીવવિરાધના થાય તે હિંસા કહેવાય. એટલે અપ્રમત્ત ઉપયોગવાળા ને ધર્મકરણી કરવા જતા જે હિંસા થઈ જાય છે તે દ્રવ્યહિંસા છે અને ભાવથી હિંસા નથી.

આ રીતે મનના પરિણામ હિંસાના ન હોવા છતાં યોગની-ધર્મની પ્રવૃત્તિ જેમ કે-ગૃહસ્થને વરસતા વરસાદમાં ગુરુવંદન માટે ઉપાશ્રયમાં જવું અથવા વ્યાખ્યાન સાંભળવા જવું. બસ આદિ દ્વારા તીર્થયાત્રા કરવા કે ગુરુવંદન કરવા જવું. ઉપાશ્રય કે જિનાલયનું નિર્માણ કરવું. સાધર્મિક વાત્સલ્ય (ભક્તિભોજન) કરવું, ધાર્મિક પુસ્તક છપાવવાં, પશુ ને ઘાસ અને પક્ષીને અનાજ નાંખવું. ઈત્યાદિ ધર્મકાર્યોમાં ઉપર ઉપરથી હિંસા (દ્રવ્યહિંસા) દેખાવા છતાં ભાવથી (પરિણામથી) હિંસા નથી. એટલે કે આ હિંસા અનુબંધ હિંસા બનતી નથી. આ હિંસા સંસારમાં ભટકાવનાર યા ભારે કર્મનો બંધ કરાવનારી બનતી નથી.

જે જૈન સિદ્ધાંતના પરમાર્થને નથી જાણતા તે અજ્ઞાનથી એમ બોલે છે કે-''પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય'' અહીં પુષ્પની પાંખડીથી એકેન્દ્રિય-સ્થાવર માત્રની હિંસા સમજવાનો તેમનો અભિપ્રાય છે.

અહીં અજ્ઞાન આ છે કે-તેવું બોલનારા પણ જિનાલય-ઉપાશ્રયભવન નિર્માણ. બસ આદિ દ્વારા ગુરુવંદનાર્થે જવું, ગુરુનું સમાધિ મંદિર બનાવવું, ગાયને ઘાસ તથા કબૂતરને અનાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાંખવું, ધાર્મિક પુસ્તક છપાવવા, સાધર્મિક વાત્સલ્ય (ભોજન) કરવું આદિ કાર્યો તો કરે જ છે. જેમાં હિંસા થવી એટલે કે "પુષ્પની પાંખડી દુભાવવી" એ તો પ્રત્યક્ષ સિદ્ધ છે. એટલે આમ બોલનારાઓએ તો ઉક્ત પ્રવૃત્તિ બંધ કરી દેવી જોઈએ.

શ્રી સર્વજ્ઞસૂત્રને અનુસરીને હિંસા ત્રણ પ્રકારની છે. (૧) હેતુ (૨) સ્વરૂપ અને (૩) અનુબંધ. શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે–"અયતનાથી ફરનારો પ્રાણ અને ભૂત આદિ જીવોની હિંસા કરે છે. તેનાથી પાપકર્મનો બંધ કરે છે, કે જે કડવા ફળ આપે છે."

અહીં પ્રમાદ–અયતના તે હિંસાનો હેતુ છે. પ્રાણવિનાશ હિંસાનું સ્વરૂપ છે. અને પાપકર્મનાં બંધથી ભાવિમાં પ્રાપ્ત થતાં દુ:ખો એ હિંસાનો અનુબંધ (ફળ) છે.

આમ જૈનાગમોમાં ત્રણ પ્રકારની હિંસા આ પ્રકારે વર્ણવી છે. ત્રણ પ્રકારની હિંસા—(૧) સ્વરૂપ હિંસા (૨) હેતુહિંસા (૩) અનુબંધહિંસા.

(૧) સ્વરૂપ હિંસા :—જીવોના પ્રાણનો વિયોગ કરાવનારી કાયિક પ્રવૃત્તિને સ્વરૂપ હિંસા કહેવાય. અપ્રમત્તને જયણા હોવા છતાં જે હિંસા થાય તે.

(૨) હેતુ હિંસા :—પ્રમાદથી મન–વચન–કાયા દ્વારા થનારી પ્રવૃત્તિઓમાં સ્વાર્થપોષણ ઈત્યાદિ માટે જે જીવના પ્રાણનો વિયોગ થાય તે હેતુ હિંસા કહેવાય. આ પ્રવૃત્તિઓમાં કદાચ જીવ બચી જાય અથવા તેની હિંસા ન થાય તો પણ હેતુહિંસાનો દોષ કહેલો છે. આ હેતુહિંસા કર્મબંધજનક છે. અનુપયોગ, પ્રમાદ, અન અનુતાપ એ હેતુહિંસાના ચિન્હો છે.

(૩) અનુબંધ હિંસા :—હિંસાના રસપૂર્વક પાપના પક્ષપાતથી રાચીમાચીને જરૂરિયાત હોય કે ન હોય છતાં પણ અજ્ઞાનથી જે હિંસા કરવામાં આવે છે તે અનુબંધ હિંસા છે. આની વિશેષ સમજૂતી :—

(૧) જયણાપૂર્વક થતી જૈનશાસ્ત્ર વિહિત પ્રવૃત્તિઓમાં ક્યારેક વનસ્પતિકાય, અપકાય આદિ એકેન્દ્રિય જીવોની વિરાધના થાય તો પણ તે કર્મબંધ જનક બનતી નથી. તે માત્ર સ્વરૂપ (દ્રવ્યથી) હિંસા છે. હેતુહિંસા કે અનુબંધ હિંસા નથી. દા.ત. સાધુ જયણાપૂર્વક શાસ્ત્રવિહિત રીતે નદી ઊતરે તો પણ તે સ્વરૂપ હિંસા નિમિત્તે કર્મબંધ થતો નથી. એજ રીતે જૈનગૃહસ્થોને જિનપૂજા આદિમાં સમજી લેવું. આમાં કર્મબન્ધ થતો નથી. કદાચ મામૂલી આનાભોગાદિથી થાય પણ સાવ નજીવો કે નિરનુબન્ધ જ થાય.

(૨) હેતુ હિંસામાં ક્યારેક સ્વરૂપ હિંસા હોય પણ ખરી અને ક્યારેક દ્રવ્યહિંસા (સ્વરૂપ હિંસા) ન હોવા છતાં વાંકીચૂંકી દોરીડીને સાંપ સમજી લાકડી મારે ત્યારે સ્વરૂપ હિંસા (દ્રવ્યહિંસા) ન હોવા છતાં હેતુહિંસા હોઈ શકે. એટલે કર્મબન્ધ ઘણો થાય.

(૩) અનુબંધ હિંસામાં સ્વરુપહિંસા ક્યારેક ન પણ હોય. દા.ત. તંદુલિયો મત્સ્ય દ્રવ્યહિંસા ન કરે તો પણ તેના ક્રૂર અધ્યાવસાયોથી હિંસાનુબંધિ રૌદ્રધ્યાન કરતો હોવાથી તેને હેતુહિંસા અને અનુબંધ હિંસા બન્ને હોય છે. એનાથી ૭મી નરકનો બંધ કરે છે.

(૪) હેતુહિંસામાં વિશેષ એ કે–હેતુહિંસામાં જીવને હિંસા કરવાનો રસ ન હોવા છતાં, તેને જીવનનિર્વાહ આદિ હેતુથી આરંભ–સમારંભ કરતો હોય ત્યારે ક્રૂર અધ્યવસાય ન હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયમાં અફસોસ, પશ્ચાત્તાપ હોય તો અનુબંધ હિંસા ન હોય છતાં સ્વરુપ (દ્રવ્ય) હિંસા અને હેતુહિંસા હોઈ શકે છે. જે થોડો ઘણો પણ કર્મબંધ કરાવે. જો તેમાં જયણાનું પાલન ન હોય અને આરંભ-સમારંભમાં નિર્ધ્વંસ પરિણામ હોય તો એ અજ્ઞાનજન્ય-મિથ્યાત્વયુક્ત ક્રિયામાં ભારે કર્મબંધ થઈ શકે છે.

આનાથી વિપરિત ત્રણ પ્રકારની અહિંસા સમજી લેવી. દા.ત. જે સ્વરુપમાત્રે હિંસા છે તે અનુબંધે અહિંસા છે. અહિંસાની ભાવનાથી જે અહિંસા પાળે છે તે હેતુ અહિંસા છે. અને સ્વરૂપ અહિંસા પણ છે. ખૂની-ક્રૂર-હિંસક માણસ ઊંઘમાં જે અહિંસા પાળે છે અથવા એકેન્દ્રિય (વૃક્ષ આદિ) જીવોની જે અહિંસા છે તે સ્વરૂપ (દ્રવ્ય) વ્યવહારથી માત્ર અહિંસા છે. આવી સ્વરૂપ અહિંસા દીર્ઘકાળ પળાય તો ક્રૂર પરિણામો મંદ પડે. જ્યારે હેતુ અને અનુબંધ અહિંસાથી જીવને ઘણો લાભ થાય છે.

આ રીતે-યતના સાવધાની એ અહિંસાના હેતુ છે. પરકીય પ્રાણવિનાશથી નિવૃત્ત થવું એ અહિંસાનું સ્વરુપ છે. અને આત્યંતિક મોક્ષસુખનો સાક્ષાત્ કે પરંપરાએ લાભ એ અહિંસાનો અનુબંધ છે.

કર્મબંધનો આધાર પાંચ બાબત ઉપર છે— (૧) વ્યક્તિ (૨) ભાવ (૩) અધિકરણ (૪) વીર્ય અને (૫) પરિણામ. *(ક્રમશઃ)*

❀ ❀ ❀

With Best Compliments from :

*Kinjal Electronics*

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિતરાગદેવ જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર પ્રભુ મહાવીરના ૧૦ ફરમાનો, ૬ સંદેશ, ૩ ઉપદેશ, ૧ આદેશ.

## "Ten Commandment of Lord Mahavir"

*સંકલન : આર. ટી. શાહ, વડોદરા.*

[ગતાંકથી ચાલું]

**પમો સંદેશ–"શુદ્ધિ માટે કર્મો સામે ઝઝૂમો"**

"ઉત્તરાધ્યાન સૂત્રમાં જણાવ્યા મુજબ "હે આત્મન્! તું તારી જાત સાથે જ લડ; તારે બહાર કોઈની સાથે લડવાનું શું કામ છે? તું, તને, તારા વડે જ જીતી લે; અને પછી શાશ્વત સુખનો સ્વામી બન." કોઈપણ સાધક આત્મા કામ, ક્રોધ આદી શત્રુઓ ઉપર વિજય મેળવે એ શ્રેષ્ઠ વિજય છે. એક સુંદર સામાયિક દ્વારા આત્માની શુદ્ધિ ઉપાર્જિત કરી શકાય છે. સાધુ જીવનને એક કલાકની દીક્ષા દ્વારા પ્રચંડ પુણ્ય શુદ્ધિ ઉત્પન્ન થઈ શકે છે. આત્મશુદ્ધિથી સ્વ અને પર ઉભયનું કલ્યાણ થાય છે. તેવી રીતે જ સર્વ વિરતિ સામાયિક વ્રત ગ્રહણ કરીને સાધનાના સર્વાકૃષ્ટ સૂક્ષ્મના માર્ગે ડગ માંડવાના છે આવી આત્મશુદ્ધિ પામવા માટે પ્રભુ મહાવીર સંસારને ત્યાગે છે અને મહાભિનિષ્ક્રમણ આદરે છે. એમનો એક જ ધ્યેય હતો કે મારે શુદ્ધિ પામવી છે અને વિષય કષાયની પરિણતિથી સર્વથા મુક્ત બનવું છે, વિતરાગ–વિતદ્વેષ બનવું છે. આ ધ્યેય સિદ્ધ કરવા માટે પ્રભુ કર્મો સાથે લડીને ઝઝૂમીને વિતરાગ પદની પ્રાપ્તિ કરી શકયા હતા. ૧૨।। વર્ષના ઘોર કર્મ સંગ્રામની કલ્પના કરીને ધ્રુજી ઉઠેલા દેવેન્દ્રે પ્રભુને વિનંતી કરી કે મને આપની સાથે રાખો. પ્રભુ મહાવીરે ચોખ્ખા શબ્દોમાં ના પાડવાથી બિચારો દેવેન્દ્ર વિદાય થઈ ગયો અને પ્રભુ મહાવીર એકલા જ કર્મ સત્તા સામે ઝઝૂમીને પાંચમો સંદેશ પ્રસારિત કર્યો કે "શુદ્ધિ માટે કર્મો સામે ઝઝૂમો.'

**૬ઠો–સંદેશ–"વ્યવહાર માર્ગે ચુસ્ત બનો."**

"મન એટલે નિશ્ચય માર્ગ."

"વચન અને કાયા એટલે વ્યવહાર માર્ગ."

"નિશ્ચય તે સાધ્ય છે."

"વ્યવહાર તે સાધન છે."

વાણી અને કાયાને શુભમાં રોકી રાખો અને શુદ્ધ રાખો તો જ મન શુદ્ધ થાય. શુભ વિના શુદ્ધની સિદ્ધિ મળતી નથી.

નિશ્ચય અને વ્યવહાર બંને સમબેલી ગણાય છે, નિશ્ચય પોતાની ભૂમિકામાં જેટલો સુંદર છે અને બળવાન છે, એટલો જ સુંદર અને બળવાન વ્યવહાર પણ છે. વાણી અને કાયાથી તપ–જપ–સ્વાધ્યાય, ગુરૂસેવા વિગેરે કઠોર માર્ગેથી વ્યવહાર નિયંત્રિત કરે છે. આ કઠોરતા જેમને ભારે પડી જાય છે તેઓ નિશ્ચયના ધ્યાન, શુભ–ચિંતન, મન સાધનાના બે મોંએ પ્રશંસા કરે છે. અને વ્યવહારનું એકાંતે ખંડન કરે છે. નિશ્ચયમાં તો આંખ મીંચીને ધ્યાન ધરવાનું મનની જ શુદ્ધિ રાખવાની વાતો કરવાની, કાયા ઉપર કોઈ જ નિયંત્રણ નહીં, આથી જ આ વાત સૌ કોઈને ગમી જાય છે. જેમણે નિશ્ચયને હૃદયમાં એટલે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતત નજરમાં રાખીને વ્યવહાર માર્ગનો કટ્ટર પણે અમલ કરવાની વાત કરી છે, એ જ વિતરાગ સર્વજ્ઞ ભગવંતનો સાચો મોક્ષમાર્ગ છે. અંતરથી વિરક્ત આત્માએ પણ વ્યવહારમાં વિરક્તિના નિતી નિયમો પાળવા જ પડે અને આથી જ આખા જગતને સંસાર ત્યાગી ને જ મોક્ષે જઈ શકાય છે. આ વાતની પ્રતિતિ કરાવા માટે દેવાધિદેવ તારક આત્મા રાજવૈભવને ત્યાગે છે અને દીક્ષા ગ્રહણ કરે છે. પરંતુ પ્રભુમહાવીરે એવો સંદેશ આપેલ છે કે **'आचारः प्रथमो धर्मः'** મોક્ષ પામવા માટે વિચાર શુદ્ધિ ભલે મુખ્ય ધર્મ હોય પરંતુ આચાર શુદ્ધિ એ તો, તે માટેનો પ્રથમ ધર્મ છે. આચાર ધર્મની અવગણના કે ઢીલાશ સહેજ પણ ચાલી ન શકે. આ રીતે પ્રભુએ વ્યવહાર માર્ગનું કેટલું બધું ઉંચુ મૂલ્યાંકન કરેલ છે. અને દેવાધિદેવ ફરમાવે છે કે વિશ્વ માત્રના કલ્યાણનો સદા વિચાર કરતો રહેજે. પણ ધર્મક્રિયાઓના વ્યવહાર માર્ગનું તારૂં પોતીકુ જીવન ત્યાગીશ નહીં. ચાલો આપણે સૌ દેવાધિદેવના સંદેશાના સમજીએ, વિચારીને વાગોળીએ, અને આચરણમાં ઉતારીએ, એ જ મોક્ષગામી બનવાનો સરસ અને સરળ ઉપાય કહી શકાય.

**આપણે પ્રભુમહાવીરનાં સંદેશા વિશે થોડું જાણ્યું તો હવે પ્રભુના ૩ ઉપદેશ વિશે વિચારી લઈએ.**

**૧લો ઉપદેશ–"આચારે અહિંસક બનો."**

આપણે પ્રભુનાં પહેલા સંદેશમાં કરૂણાવંત બનો એ વિશે જાણી લીધું. પરંતુ આપણે માત્ર વિચારે જ નહીં પરંતુ આચારથી પણ અહિંસક બનવાનો પ્રભુનો પ્રથમ ઉપદેશ છે. અહિંસા એ જિનશાસનની કુળદેવી જ છે. જિનેશ્વર દેવની માતા ત્રિશલા છે પરંતુ જિનેશ્વરે સ્થાપેલ જૈન ધર્મની કુળદેવી અહિંસા જ કહેવાય છે.

મોક્ષ પામવા માટેનું મોટું મહાવ્રત એટલે સર્વથા "હિંસા વિરમણ વ્રત." મન, વચન અને કાયાથી સુક્ષ્માતી સુક્ષ્મ રીતે પણ હિંસા ન કરવી, ન કરાવવી અને આવી હિંસાની અનુમોદના પણ ન કરવી. એટલા માટે જ અહિંસા પરમોધર્મનો ઉપદેશ જૈન ધર્મમાં અપાયેલ છે. જો તમે બીજાને દુઃખ આપશો તો એવો કર્મ બંધ કરશો જેથી તમે દુઃખી થશો. આમ પરની હિંસા કરનારો આત્મા ખરેખર તો પોતાની જ હિંસા કરે છે, માટે જ પરહિંસા તો બંધ કરવી જ જોઈએ પરંતુ સ્વહિંસા તો એકદમ જલ્દી બંધ કરવી જોઈએ. જો ભોગસુખોમાં રાગાદિ પરિણતિ ચાલુ રહેશે તો આપણા આત્માને અનંતા જન્મો જયાં ત્યાં લેવા પડશે. તે પ્રત્યેક જન્મમાં તે જાત જાતની પરહિંસા કરતો જ રહેશે. સ્વદયા એટલે રાગ, દ્વેષ કે મિથ્યાત્વ અવિરતિ આદિની પરિણતિ સેવવી નહીં. જેથી સ્વઆત્મા કર્મબંધ કરીને હેરાન થાય નહીં. સ્વદયા એ વિકલ્પ શૂન્ય છે જયારે પર દયા વૈકલ્પિક છે. સ્વદયા સીધો મોક્ષનો હેતુ છે, જયારે પરદયા સ્વર્ગ આદિ આપનારી છે. સ્વદયાની, વાત નિશ્ચય દ્રષ્ટિ એ છે. વ્યવહાર દ્રષ્ટિ એ તો પરદયાનું પણ ખૂબ ભારે મહત્વ છે. આ રીતે સ્વદયાને સતત લક્ષમાં રાખીને પરદયાનું વધુમાં વધુ સેવન કરવું કોઈ પણ રીતે બીજા જીવોનું પિડન કરવું, ઈચ્છવું કે અનુમોદવું એ પણ પરહિંસા છે. કોઈ પણ રીતે હિંસા થતી હોય તેને રોકવી જોઈએ. અબોલ પ્રાણીની રક્ષા કરવી એ જીવનો ધર્મ છે. ઓછામાં ઓછી હિંસા દ્વારા જીવન નિર્વાહ કરવાના લક્ષને જયણા કહેવામાં આવે છે. અને ધર્મની માતા એકાંતે નિર્જરા કહી છે. જૈનોએ ચુસ્તપણે જયણા પાળવી જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૂલા, સગડી વિગેરે પૂંજવા તેમજ નળને ગરણા બાંધવાનું કાર્ય શ્રાવકે પાળવાની જયણા જ કહેવાય છે. શ્રાવકની જયણા અંગેના બે દ્રષ્ટાંતો નીચે મુજબ છે.

૧. **મારા મૃતદેહને બાળવાનાં લાકડાને બરોબર પૂંજી લેજો. એક શ્રાવકના વીલના શબ્દો.**

૨. **મારા મૃતદેહને બે ઘડી પહેલાં જ બાળી નાંખજો. જેથી અંદર અસંખ્ય સંમૂર્છિમ્ જીવ ઉત્પન્ન ન થઈ જાય :—[બીજા શ્રાવકના વીલના શબ્દો]**

અબોલ પ્રાણીઓ અને અનાથ ગરીબો દયાપાત્ર છે. પણ એથી એ વધુ દયાપાત્ર હવે મા–બાપ વિગેરે બન્યા છે. માટે એટલું તો નક્કી કરી જ લો કે હું ઘરડા મા–બાપ કે વડીલોને કદી ત્રાસ નહીં આપું. આપણે સ્વદયા અને પરદયાની વાતો વિચારી પરંતુ જૈન શાસનના પાંચ અંગો જિન શાસન, જૈન સંઘ, દ્વદશાંગી, સાત ક્ષેત્રો અને મોક્ષ પ્રાપ્તિનો ઉપદેશ એ પાંચ અંગોને સ્પર્શીને અનંતા અનંત આત્માઓ મુનિ થયા અને મોક્ષે ગયા. એની સેવા અને રક્ષા કરવાથી અનંતા અનંત જીવોનું કલ્યાણ થાય છે, માટે આવા પાંચ અંગોની હિંસા ન થાય અને તેની રક્ષા કરવાની જવાબદારી દરેક જૈનમાત્રની છે. દેવાધિદેવ, પરમાત્મા મહાવીરે હેતુ, સ્વરૂપ અને અનુબંધ એમ ત્રણ પ્રકારની હિંસા જણાવેલ છે. પ્રમાદ સેવવો એ હેતુહિંસા, પ્રાણભૂત જીવોનો નાશ કરવો એ સ્વરૂપ હિંસા, પાપ કર્મનો બંધ કરવો એ અનુબંધ હિંસા આ હતો પ્રભુ મહાવીરનો પહેલો ઉપદેશ કે તમારા જીવનમાં સર્વથા અને સર્વ પ્રકારે આચારથી અહિંસક બનો.

*(ક્રમશ:)*

**શરીર ભાડુતી ઘર છે. ભાડાના ઘરને કંઈ બહુ સાચવવાનું ન હોય. એમાં રહેવાનું છે, એથી થોડી ઘણી એની સાર સંભાળ લેવાય ખરી, પણ એને પોતાનો મહેલ માનીને કંઈ એની સજાવટ પાછળ સંપત્તિ વેડફી ન દેવાય. આત્માનું અસલ ઘર મોક્ષ છે, શરીર તો આત્માને મળેલું ભાડુતી ઘર છે. આટલું સમજાઈ જાય, તો દેહલક્ષી મટીને આત્મલક્ષી બની જતાં વાર ન લાગે.**

*-પૂ. આ. શ્રી. વિજયઅમૃતસૂરીશ્વરજી. મ.સા.*

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પોતાની જરૂરિયાત ટૂંકાવીને કે જતી કરીને અન્યના સુખ શાન્તિનો વિચાર કરીને જે કંઈ અપાય તે દાન છે અને તેનું જ મૂલ્ય અંકાય છે.**

રામકૃષ્ણ પરમહંસની પાસે એક માણસ સોનાની હજાર અશરફિયો લઈને ગયો અને પ્રેમપૂર્વક તેમને સાષ્ટાંગ પ્રણામ કરી તે બધી અશરફિયો તેમના પગ પાસે મૂકી દીધી. પરમહંસે સોનાની આ મહોરો સામે જોતાં કહ્યું, 'આ બધો કચરો તું અહીં શું કરવા લઈ આવ્યો છે!'' ભક્તે ભાવપૂર્વક ફરીથી નમન કરતાં કહ્યું, 'પ્રભુ આ બધી સુવર્ણ મુદ્રાઓ હું આપને ભેટ ધરવા લાવ્યો છું. આપ તેનું ગમે તે કરો પણ આટલી મારી ભેટ સ્વીકાર લો.' રામકૃષ્ણે તેને સમજાવતાં કહ્યું, 'આ બધી સંપત્તિનો મારે કોઈ ઉપયોગ નથી. તું તારે પાછી લઈ જા અને તને ઠીક લાગે તે રીતે તું તેનો ઉપયોગ કરજે પણ હવે તેને મારી પાસેથી લઈ જા.'

આવનાર ભક્તે પણ જક પકડતાં કહ્યું, 'હું તે તમારા માટે જ લાવ્યો છું. હવે તે મારે ખપે નહિ અને તમને જેમ ઠીક લાગે તેમાં તેને ખરચી નાખો. આમ પરમ હંસ અને તેમના ભક્ત વચ્ચે રકઝક ચાલતી રહી અને સ્વામીજીના પગ પાસે સુવર્ણની અશરફિયોનો ઢગલો જોઈને આશ્રમમાં બીજા કોઈ કામે આવેલા લોકો પણ ત્યાં ઉત્સુકતાથી ભેગા થતા રહ્યા. લોકોને ભેગા થયેલા જોઈને ભક્તને વળી વધારે ઉત્સાહ થયો અને તે વળી વળીને તેની આ ભેટ સ્વીકારવા આગ્રહ કરવા લાગ્યો. છેવટે સ્વામીજીથી ન રહેવાતા તેમણે કહ્યું, 'તારો આટલો બધો પ્રેમ અને આગ્રહ છે તો હું આ તારી ભેટનો સ્વીકાર કરી લઉં છું.'' સ્વામીજીની સંમતિ મળતાં ભક્ત ગેલમાં આવી ગયો અને આસપાસ એકત્રિત થયેલા લોકો સામે હર્ષથી જોવા લાગ્યો.

થોડીક વાર પછી ચાલી રહેલી ધર્મચર્ચા પુરી થતાં સ્વામીજીએ પેલા ભક્ત સામે જોઈને કહ્યું, 'હવે આ અશરફિયો તો મારી જ છે ને! હું તેનો મન ચાહે તેમ ઉપયોગ કરું તેની સામે તમને કંઈ વાંધો નથી ને!' ભક્તે વળી વધારે વિનય કરતાં કહ્યું 'આપ ચાહે તેમ તેને વાપરી શકો છો. તમે જ તેના માલિક છો.' સ્વામીજીએ ઉત્તરમાં ભક્તને આજ્ઞા કરતાં કહ્યું, 'હવે તમને હું આદેશ આપું છું કે તમે આ સુવર્ણ મુદ્રાઓ લઈને ગંગા નદીના તટ ઉપર જાઓ અને તેને ગંગામાં પધરાવીને પાછા આવીને મને થઈ ગયેલા કામની ખબર કરો.' સ્વામીજીની વાત સાંભળીને ભક્ત તો જાણે દિગ્મૂઢ થઈ ગયો પણ પછી કંઈ બીજો વિકલ્પ ન હતો તેથી અનિચ્છાએ સોનાની અશરફિયો લઈને ગંગા કિનારે ગયો અને એક ઉંચી ભેખડ ઉપર બેસીને કોથળીમાંથી એક પછી એક અશરફિ કાઢતો જાય અને ખેદપૂર્વક તેની સામે જોઈને પધરાવતો જાય. કેટલીય વાર સુધી ભક્ત પાછો ન ફર્યો એટલે સ્વામીજીએ બીજા એક ભક્તને તપાસ કરવા ગંગા નદી તરફ મોકલ્યો. રખે ને અશરફિયો નાખી દેવાના આઘાતને પેલો જીરવી ન શક્યો હોય કે પછી ઘર ભેગો થઈ ગયો હોય! બીજા ભક્તે પાછા આવીને સ્વામીને જણાવ્યું કે પેલો ભક્ત તમારી આજ્ઞાનું પાલન તો કરે છે પણ ગણી ગણીને ગ્લાનિપૂર્વક એક પછી એક અશરફિ નદીમાં નાખે છે.

સમજવાની વાત છે કે આપણે દાન આપીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તેનો મોહ છોડી શકતા નથી. આપણાં મોટા ભાગનાં દાનોની પાછળ પણ કંઈક ને કંઈક ગણતરી રહેલી હોય છે. કીર્તિની કામના વગરનું દાન તો જગતમાં હવે ભાગ્યે જ જોવા મળે છે. એક હાથે દાન આપ્યું અને બીજે હાથે નામ લીધું એટલે તે દાન ન રહ્યું. દાનમાં કેવળ આપવાની વાત હોય. કોઈ પણ બદલાની અપેક્ષા વગર આપેલું એ જ દાન છે બાકી તો બધા વેપાર છે.

દાનમાં રકમની મહત્તા કરતાં દાન આપનારના ભાવની મહત્તા રહેલી છે. સૂકા એક રોટલામાંથી બીજાને અડધો રોટલો આપી દેનાર ભિખારીના દાનની ભલે નોંધ ન લેવાય પણ તેનું મૂલ્ય વધારે છે. તરસ્યાને પાણી આપનાર કે કોઈ દુખિયાની વાત સાંભળીને તેને દિલાસો આપનાર પણ દાન જ કરે છે તે વાત ઘણા ઓછા સમજે છે. દાન આપવા માટે સંપત્તિની એટલી જરૂર નથી. જો પાસે દિલ હોય તો જગતમાં દાન દેવાની ઘણી જગાઓ પડેલી છે જ્યાં બહુ ઓછા લોકો પહોંચે છે. મારી પાસેની વસ્તુ અન્યને ઉપયોગી છે અને તેને મારા કરતાં તેની વધારે જરૂર છે એમ સમજીને આપવામાં આવે તે દાન બાકી બધા દાનના દેખાવ. પોતાની જરૂરિયાત ટૂંકાવીને કે જતી કરીને અન્યના સંતોષ કે શાન્તિ માટે આપવામાં આવે તે શ્રેષ્ઠ દાન છે. વળી દાનમાં વિવેક ન જળવાય તો તેને પણ દાન ન કહેવાય. જે દાનથી અન્ય જીવોની શાન્તિ હણાય અને તેમનાં દુઃખ દર્દમાં વધારો થાય કે તેમનો ઘાત થાય તેનો ધર્મ દાનમાં નથી ગણાતો; બાકી સંસારમાં ભલે તે દાતા તરીકે ઓળખાય.


*–ચંદ્રહાસ ત્રિવેદી*

[ગુજરાત સમાચાર તા. ૧૫-૧૨-૨૦૦૦માંથી સાંભાર]


**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**

Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210



Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069



Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમ્યક્ દ્રષ્ટિ વિના વિશાળ જ્ઞાન કે તત્ત્વજ્ઞાનની ગહન જાણકારી નિરર્થક છે!

–કુમારપાળ દેસાઈ

વ્યવહાર જીવનમાં વ્યક્તિની પાસે વિવેકપૂર્ણ દ્રષ્ટિની અપેક્ષા રાખવામાં આવે છે. એ જ રીતે અધ્યાત્મની પગદંડીએ આરોહણ કરનારને માટે પહેલું સોપાન છે સમ્યક્દ્રષ્ટિ. મિથ્યાદ્રષ્ટિ માનવીને કષાયમાં ડૂબાડી રાખે છે. દુરાગ્રહો, ધર્માંધતા અને સાંપ્રદાયિકતામાં સંકીર્ણ બનાવી દે છે. સમ્યક્દ્રષ્ટિ એટલે કે આત્મકલ્યાણના તત્ત્વ વિશેની દ્રષ્ટિ. સમ્યક્ એટલે સાચું અથવા નિર્મળ. નિર્મળ દ્રષ્ટિ સાધકમાં શુદ્ધ જિજ્ઞાસા પ્રગટાવે છે. એ જિજ્ઞાસાને કારણે એ પ્રત્યેક બાબતને એકાંગી દ્રષ્ટિથી કે સ્વમતાગ્રહથી નહીં, બલ્કે અનેકાંગી દ્રષ્ટિથી અનેકાંતદ્રષ્ટિથી નિહાળે છે.

વ્યક્તિમાં જ્ઞાન કે બુદ્ધિનો અસાધારણ વિકાસ થયો હોય, પરંતુ એના સદુપયોગની દ્રષ્ટિના અભાવે જ્ઞાન ગર્વમાં અને બુદ્ધિ પ્રપંચ કે અહંકારમાં ખૂપી જાય છે. આથી જ્ઞાન કે આચરણમાં ગમે તેવા ઉત્કૃષ્ટ હોય, પરંતુ એને માટે સમ્યક્દ્રષ્ટિ આવશ્યક છે.

સમ્યક્દ્રષ્ટિ એ ચારિત્ર્ય માટેનો મૂળભૂત પાયો છે અને એમાં અશ્રદ્ધા, અંધશ્રદ્ધા કે અર્ધશ્રદ્ધા નહીં, બલ્કે સાચી, વિવેકપૂર્ણ શ્રદ્ધા હોય છે. આ શ્રદ્ધામાં કાર્યકારણ ભાવના અને યથાર્થનો વ્યક્તિને ખ્યાલ હોય છે. કલ્યાણસાધનાના માર્ગ પર શું અનુકૂળ અને શું પ્રતિકૂળ હોઈ શકે એની સમજ પ્રગટે છે. આ શ્રદ્ધાતત્ત્વ એ જ સમ્યક્દ્રષ્ટિ.

આચાર્ય ઉમાસ્વાતિજીએ ''સમ્યક્દર્શનજ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ:'' એમ શ્રી તત્ત્વાર્થસૂત્ર ગ્રંથના પ્રથમ સૂત્રમાં જ કહ્યું છે, અને એનો અર્થ એટલો કે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક સાધક કે મુમુક્ષુની યાત્રાનો પંથ મોક્ષમાર્ગ છે અને એનું પહેલું પગથિયું છે સમ્યક્દર્શન અથવા સમ્યક્દ્રષ્ટિ. આમાં સમ્યક્ શબ્દ અત્યંત મહત્ત્વનો છે, દરેક વ્યક્તિ પાસે કોઈને કોઈ પ્રકારનું જ્ઞાન હોય છે, પરંતુ એ દર્શન કે જ્ઞાન જો સમ્યક્ ન હોય તો એનું આધ્યાત્મિક જગતમાં કશું મૂલ્ય નથી. ભૌતિક સુખસમૃદ્ધિમાં સહાયક એવા જ્ઞાન કે દર્શનને સમ્યક્દર્શન કહી શકાય નહીં, કારણ કે એમાં સમ્યક્દ્રષ્ટિ હોતી નથી.

આ સમ્યક્દ્રષ્ટિ એટલે શું? એની વ્યાખ્યા છે. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' એટલે કે પદાર્થનું (તત્ત્વોનું) સ્વરૂપ યથાર્થરૂપે જ્ઞાન અને એવી જ શ્રદ્ધા તે સમ્યક્દર્શન કહેવાય છે. આમ ધર્મતત્ત્વ પ્રત્યે અતૂટ શ્રદ્ધા એ સમ્યક્દ્રષ્ટિનો પાયો છે. વ્યક્તિને આત્મા, સ્વર્ગ, મોક્ષ આદિની પ્રતીતિ હોય ત્યારે આવી દ્રષ્ટિ જાગે છે. આત્મસ્વરૂપને જાણવાની તીવ્રતમ રુચિ હોય અને ધર્મતત્ત્વો પ્રત્યે આસ્થા હોય. આવી દ્રષ્ટિ કોઈકને સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. કોઈને શાસ્ત્રોના અધ્યયનમાંથી અથવા તો ગુરુના ઉપદેશમાંથી સાંપડે છે. કોઈને બાહ્ય સંજોગોમાંથી મળે છે.

આવી સમ્યક્દ્રષ્ટિ આત્માનું અંતર્જાગરણ છે અને આવું અંતર્જાગરણ એ જ અધ્યાત્મની જન્મદાત્રી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અંતર્જાગરણ માટે સાધક પ્રયત્નશીલ હોય છે. આવું જાગરણ આવે એટલે સાધકની જીવનદ્રષ્ટિ બદલાઈ જાય છે, આવી સમ્યક્દ્રષ્ટિ સાંપડે એટલે જેહ અને આત્માની ભિન્નતાનો ખ્યાલ આવે છે. આત્માના ચિદાનંદ સ્વરૂપની ઓળખ થાય છે અને આ રીતે એને લોકોત્તર દ્રષ્ટિ સાંપડે છે.

આવી સમ્યક્દ્રષ્ટિની પ્રાપ્તિ માટે એ જરૂરી છે કે દર્શન મોહનીયની ત્રણેય પ્રકૃતિઓ જાણી લેવી જોઈએ. સમક્તિ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ વગેરે સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય થવાથી આત્મમાં જે શુદ્ધ અધ્યવસાય ઉત્પન્ન થાય છે એને સમ્યક્ત્વ કહે છે.

આવી રીતે સાંપડેલી સમ્યક્દ્રષ્ટિથી સાધકનો આત્મા આધ્યાત્મિક મહેલનું પ્રથમ શિખર સર કરે છે. એનાથી આત્માનો ઉત્તરોત્તર વિકાસ થાય છે અને તે અમરત્ત્વ પ્રાપ્ત કરીને સિદ્ધ, બૂદ્ધ અને મુક્ત બને છે. આમ, સમ્યક્દ્રષ્ટિ એ આધ્યાત્મિકતાની જન્મદાત્રી, રક્ષક અને વૃદ્ધિદાત્રી એમ ત્રણે બને છે.

[ગુજરાત સમાચાર દૈનિક
તા. ૧૫-૧૨-૨૦૦૦માંથી સાભાર]

## સાભાર સ્વીકાર

'કહો, કેવા હતા પ્રભુ મહાવીર ?' પ્રવચનકાર શ્રી જયંત મુનિજી સંપાદક હર્ષદ દોશી પુસ્તકની મૂળ કિંમત રૂા. ૭૦ પરંતુ સ્વાધ્યાય અને ધર્મ વાંચનને પ્રોત્સાહન આપવા રવાનગી ખર્ચ સાથે રૂા. ૩૫માં આપવામાં આવે છે.

જૈન એકેડમી-કલકતા દ્વારા પ્રકાશિત આ પુસ્તક ૨૯ ગાથાનું આ 'પુચ્છિસ્સુ ણં' સૂત્ર ભાષા, સાહિત્ય, કલ્પના અને દાર્શનિકતા--એ તમામ દૃષ્ટિએ જૈન સાહિત્યનું વિરલ સૂત્ર છે. 'શ્રીસૂયગડાંગ સૂત્ર'માં આવેલી 'પુચ્છિસ્સુ ણં'ની વીર સ્તુતિ એક વિશિષ્ટ પ્રકારની સ્તુતિ છે. સ્તુતિ એ સામાન્ય રીતે ગુણોનું મહિમાગાન હોય છે. પરંતુ આ સ્તુતિની વિશેષતા એ છે કે ગુણ-વર્ણન સાથે એમાં જૈન દર્શનની મૌલિક વિશેષતાઓ પ્રગટ કરી છે.

આ પુસ્તક ધર્મજિજ્ઞાસુ અને આરાધકોને સહુને ઉપયોગી બને તેવું છે.

પ્રાપ્તિસ્થાન : જૈન એકેડમી, કલકતા, ૩૨-બી, ચિતરંજન એવન્યુ, કોલકાતા-૧૨.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ'રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)
નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનવધર્મ એટલે શું?

*–દીપકભાઈ દેસાઈ.*

માનવ ધર્મ એટલે શું? આખી વાત એ તો બહુ મોટી છે પણ ટૂંકમાં લઈએ તો મનુષ્યો એકલાનું સાચવે કે એને મારા નિમિત્તે દુઃખ ન જ થવું જોઈએ, એ માનવ ધર્મ છે.

તમે શેઠ હો અને નોકરને તમે ખૂબ ટૈડકાવતા હો, તે ઘડીએ તમને વિચાર આવવો જોઈએ કે હું નોકર હોઉં તો શું થાય? આટલો વિચાર આવે તો તમે એને ટૈડકાવવાનું પદ્ધિતિસરનું કહેશો, વધારે નહીં કહો. તમે કોઈનું નુકસાન કરતા હો, તો તે ઘડીએ તમને વિચાર આવે કે હું સામાને નુકસાન કરુ છું પણ કોઈ મારું નુકસાન કરે તો શું થાય?

માનવ ધર્મ એટલે આપણને જે ગમે છે એટલું લોકોને આપવું અને ના ગમતું હોય તે બીજાને આપવું નહીં. આપણને કો'ક ધોલ મારે તે નથી ગમતું, તો આપણે ધોલ ના આપવી જોઈએ બીજાને. આપણને કોઈ ગાળ દે તે આપણને નથી ગમતી. માટે બીજા કોઈને આપણે આપવી નહીં. માનવધર્મ એટલે આપણને જે ના રૂચે તે બીજાની પ્રત્યે કરવું નહીં. આપણને ગમતું હોય તે બીજા પ્રત્યે કરવું, એનું નામ માનવ ધર્મ.

'મારે લીધે કોઈને અડચણ ના આવે' એવું રહ્યું એટલે તો કામ જ થઈ ગયું ને! પછી કો'કના પંદર હજાર રૂપિયા, સો–સો રૂપિયાની નોટનું એક બંડલ આપણને રસ્તામાંથી જડ્યું તો આપણા મનમાં એમ થાય કે મારા આટલા રૂપિયા પડી જાય તો મને કેટલું દુઃખ થાય, તો આને તેટલું દુઃખ થતું હશે? એટલે આપણે જઈને પેપરમાં જાહેરખબર આપવી જોઈએ કે, ભાઈ જાહેરખબરના પૈસા આપી, માલસામાનનો પુરાવો આપીને તમારી વસ્તુ લઈ જાવ.' બસ, આટલી જ રીતે માનવતા સમજવાની છે. કારણ કે જેવું આપણને દુઃખ થાય એવું સામાને દુઃખ થતું હશે, એવું આપણે સમજી શકીએને! આવી રીતે તમને દરેક બાબતમાં આવા વિચાર આવવા જોઈએ.

અત્યારે દસ હજાર આપણને આપ્યા હોય અને પાછા ન આપીએ, તે ઘડીએ આપણા મનમાં વિચાર થાય કે 'મેં કોઈને આપ્યા હોય ને એ ના આપે તો મને કેટલું દુઃખ થાય? માટે એને વહેલી તકે આપી દેવા! આપણા હાથમાં રાખવું નહીં. માનવ ધર્મ એટલે શું? જે દુઃખ આપણને થાય છે એને થાય જ. કોઈને દુઃખ આપતી વખતે મનમાં એમ થાય કે મને દુઃખ આપે તો શું થાય? એટલે દુઃખ આપવાનું બંધ કરી દે એ માનવતા.

પછી એથી આગળ માનવ ધર્મ એટલે શું કે સ્ત્રીને જોઈને આકર્ષણ થાય કે તરત જ વિચારે કે મારી બેનની ઉપર કોઈની નજર ખરાબ થાય તો શું થાય? મને દુઃખ થાય. એમ વિચારે એનું નામ માનવ ધર્મ માટે મારે ખરાબ નજરથી ન જોવું જોઈએ. એવો પસ્તાવો લે.

પછી માનવતાથી ઉપર 'સુપર હ્યુમન' કોને કહેવાય? તમે દસ વખત આ ભાઈનું નુકસાન કરો તો ય એ ભાઈ તમારું કામ હોય તે ઘડીએ તમને 'હેલ્પ' કરે! તમે ફરી એમને નુકસાન કરો તો ય તમારે કામ હોય તે ઘડીએ તમને હેલ્પ કરે. એમનો સ્વભાવ જ હેલ્પ કરવાનો છે. એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જાણવું કે આ ભાઈ 'સુપર હ્યુમન' છે. એ દૈવીગુણ કહેવાય. એવાં તો કો'ક જ માણસ હોય. અત્યારે એવા માણસ મળે નહીંને! કારણ કે લાભ માણસમાં એકાદ એવું પ્રમાણ થઈ ગયું છે! માનવતાનાં ધર્મની વિરુદ્ધ કોઈ પણ ધર્મનું આચરણ કરે, જો પાશવી ધર્મનું આચરણ કરે તો પશુમાં જાય. જો રાક્ષસી ધર્મનું આચરણ કરે તો રાક્ષસમાં જાય, એટલે નર્કગતિમાં જાય અને સુપર હ્યુમન ધર્મનું આચરણ કરે તો દેવગતિમાં જાય. એટલે સાચો માનવધર્મ એ જ છે કે કોઈ પણ જીવમાત્રને કિંચિત્‌માત્ર દુઃખ ના આપવું જોઈએ. કોઈ દુઃખ આપે તો સામો પાશવતા કરે છે પણ આપણે પાશવતા નહીં કરવી જોઈએ. જો માનવ રહેવું હોય તો અને માનવધર્મ સારી રીતે પાળે તો મોક્ષમાં જવાની વાર જ નથી. માનવધર્મ જ જો સમજી જાય તો બહુ થઈ ગયું. બીજો કોઈ ધર્મ સમજવા જેવો છે જ નહીં. આપણને કોઈ ગાળ ભાંડે તો એ પાશવતા કરે છે. પણ આપણે પાશવતા ન કરી શકીએ. આપણે મનુષ્યના પ્રમાણમાં સમતા રાખીએ. કો'કનાથી આપણને દુઃખ થાય તો તે એનો પાશવી ધર્મ છે. પાશવીની સામે પાશવી નહીં થવું, એનું નામ માનવધર્મ.

[ગુજરાત સમાચાર દૈનિક તા. ૭-૧૨-૨૦૦૦ની અગમનિગમ પૂર્તિમાંથી જનહિતાર્થે સાભાર]

---

**મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા :** તીર્થ પ્રાંગણમાં જગદ્‌ગુરુ આ. શ્રી વિજયહીરવિજયજી સૂરીશ્વરજી મ.સા.ની સ્વર્ગારોહણ તિથિ, આ. શ્રી પદ્મસાગરસૂરિજી મ.સા.ના ૬૯માં જન્મદિન તથા કૈલાસ શ્રુત સાગર હસ્તપ્રત સૂચિપત્ર પ્રથમ ભાગના વિમોચનના ત્રિવેણી અવસરે જિનભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિ સ્વરૂપ ત્રિદિવસીય સમારોહનું આયોજન તા. ૫ થી ૭ સપ્ટે. દરમ્યાન કરવામાં આવેલ.

આ સુઅવસરે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ શેઠ આદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

* * *

**શ્રી મહાવિદેહ ક્ષેત્ર : દિલ્લી :** પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી પ્રત્યક્ષ અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામીજીનાં જિનમંદિર તથા વૃદ્ધ સાધુ સંત વૈયાવચ્ચ સ્થળનું શ્રી મુમુક્ષુ ધ્યાન દીપ પરિવાર ટ્રસ્ટ દ્વારા નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. સ્થળ : બી. ૨૬, ગુજરાત એપાર્ટમેન્ટ, પીતમપુરા, દિલ્લી-૧૧૦૦૩૪.

* * *

**કાળધર્મ :** શાસન સમ્રાટ સમુદાયના પ. પૂ. આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ.સા.ના અંતિમ શિષ્ય પૂ. પ્ર. મુનિરાજશ્રી કુશલચંદ્રવિજયજી મ.સા. ઉ.વ. ૯૬ તા. ૧૩-૧૧-૦૩ના વિશાળ સમુદાય વચ્ચે નમસ્કાર મહામંત્રની ધૂનવચ્ચે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

❑ ❑ ❑

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

* શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. સંઘ-મુંબઈ વિ. સં. ૨૦૬૦ના વરસને સ્થાપનાના ૫૦માં વરસ તરીકે ઉજવણી કરી રહ્યું છે. અમારી શ્રદ્ધા ભક્તિના કેન્દ્ર માટે અમોએ જિનશાસનની પ્રભાવનારૂપે સાતક્ષેત્ર, જીવદયા, અનુકંપા સહિતના અનેક કાર્યો કરવાનો નિર્ધાર કર્યો છે.

આ ઉજવણી રૂપે જે જે ગામોને દેરાસરોને દેરાસર ઉપયોગી સ્નાત્ર સિંહાસન [ત્રિગડું], ભંડાર, ઉભા દીવા સ્ટેન્ડ ઇત્યાદિ સામાન-સામગ્રી ભેટ આપવાનું વિચારેલ છે. આપને જો આ સમાનની જરૂરીયાત હોય તો અમોને નીચેના સરનામે વિગતવાર લખી જણાવશો. સંપર્ક : શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છસંઘ, શ્રી વાસુપૂજ્ય સ્વામી ચોક, બ્રાહ્મણવાડા રોડ કોર્નર, ડૉ. આંબેડકર રોડ, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯નો સંપર્ક સાધવો.

* ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ઊંઝાના ઉપક્રમે ''સ્વયં સ્વસ્થ બનો'' અભિયાનના પ્રણેતા મુંબઈના સુ. શ્રી ગીતા જૈન દ્વારા સંચાલિત દસ દિવસીય યોગ શિબિરમાં શહેરના ૮૫ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

* **જામનગર :** પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મ.સા. આદિ ગુરુભગવંતો તથા સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં શ્રી નમિનાથ જૈન દેરાસર. ૬ કામદાર કોલોની ખાતે તા. ૨૧-૧૧-૦૩ થી તા. ૩૧-૧૧-૦૩ દરમ્યાન શ્રી નમિનાથ ભગવાનની ૧૦મી વર્ષગાંઠ, પૂ. પં. શ્રી જિનસેનવિજયજી મ.સા.ની ૧૦૦+૧૦૦મી ઓળી તથા ઉપધાન તપની મોક્ષમાળ પ્રસંગે પ્રભુ ભક્તિ મહોત્સવનું શાસન પ્રભાવનાપૂર્વક આયોજન કરવામાં આવેલ.

* **મુંબઈ-વાલકેશ્વર :** બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ વિ. સં. ૨૦૬૦ના શતાબ્દી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. આપણા આ શ્રદ્ધાભક્તિ કેન્દ્ર માટેના શતાબ્દી વર્ષે જિનશાસનની પ્રભાવના રૂપે સાતેયક્ષેત્રો જીવદયા, અનુકંપા સહિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

શતાબ્દી વર્ષ નિમિત્તે ઉપાશ્રયો અને જૈન આરાધના ભવનોનું નિર્માણ કાર્ય કરાવી આપવા, ગામ સંઘને ઉપાશ્રય નિર્માણ કરવો હોય, જુના ઉપાશ્રયનું રીનોવેશન કરવાનું હોય, તીર્થ સ્થાનમાં ઉપાશ્રયની જરૂર હોય, તીર્થ સ્થાન આજુબાજુના ગામના વિહાર માર્ગ પર ઉપાશ્રયની જરૂર હોય તો અમો આપને આર્થિક સહકાર આપવા વિચારીશું.

સંપર્ક : બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ. ૪૧, રીઝ રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬

* કોટા (રાજ.) : પૂ. આ. શ્રી કમલરત્નસૂરિજી મ.સા. આદિ સાધુ-સાધ્વીજી મ.સા.ની શુભ નિશ્રામાં ભ. મહાવીરસ્વામી આદિ જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા, દેવી-દેવતાઓની ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા, ઉપધાન તપ પૂર્ણાહુતિ પ્રસંગે મોક્ષમાળારોપણ આદિ. તપસ્વી સાધ્વીજીશ્રી ચેતોદર્શિતાશ્રીજી મ.ના ૧૦૦૮ સળંગ આયંબિલની તપસ્યાના પુણ્ય પ્રસંગે વિવિધ પૂજનો સહ ષડહ્નિકા મહોત્સવની તા. ૧૭ થી ૨૨ નવેમ્બર દરમ્યાન ઉજવણી કરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રદ્ધા શું પરિણામ લાવી શકે છે ?

*—પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂ. મ.ના શિષ્ય પં. ગુણસુંદરવિજયજી ગણી*

શ્રદ્ધા શબ્દ ઈચ્છા, આકાંક્ષા, સ્વકીય અભિલાષા, વિશુદ્ધ ચિત્તપરિણામ વગેરે અનેક અર્થમાં વપરાય છે. શ્રદ્ધાયુક્ત વ્યક્તિને

- ત્રિરંગી રાષ્ટ્રધ્વજમાં રાષ્ટ્રના દર્શન થાય છે;
- ક્રોસમાં ભગવાન ઈશુ દેખાય છે,
- મસ્જિદની દિવાલમાં ખુદા-અલ્લાહ બતાય છે;
- ગુરુની પાટના-આસનના વિનયમાં સાક્ષાત્ ગુરુના વિનય જેટલો આનંદ મળે છે;
- ભગવદ્ વચનના વાંચનમાં સાક્ષાત્ ભગવાનના વચનનો રસાસ્વાદ મળે છે;
- ઈશ્વરના નામ સ્મરણમાં ઈશ્વર સાક્ષાત્ મળ્યા હોય તેટલી જ ચિત્તની પ્રસન્નતા, હર્ષ થાય છે;
- સમવસરણ પર બિરાજમાન ભાવનિક્ષેપા પહેલાની=પૂર્વેની ભગવંતની ચ્યવન-જન્મ આદિ અવસ્થામાં પણ સાક્ષાત્ ભગવાન જેવી આનંદની અનુભૂતિ થાય છે;
- કનૈયાની વાંસળીમાં પણ સાક્ષાત્ કનૈયાના.દર્શન-સ્મરણ થાય છે;
- ગાંધીજીના ચશ્માામાં પણ સાક્ષાત્ ગાંધીજી મળ્યાનો આલ્હાદ પ્રાપ્ત થાય છે;
- જડ પડદા પર ચિત્રરૂપે રહેલા જડ નટ-નટીના દર્શનમાં પણ રાગાદિની અભિવૃદ્ધિ થતી હોય છે;
- પાણીમાં પણ અમૃતનું અનુચિંતન અમૃત જેવું ફળદાયક બને છે (કલ્યાણમંદિર શાસ્ત્ર)
- નકશા પર જણાવેલી વસ્તુઓમાં પણ વાસ્તવિક વસ્તુદર્શન જેટલું જ્ઞાન પ્રાપ્ત થાય છે;
- ગુરુમૂર્તિના આલંબનથી સાક્ષાત્ ગુરુ આપે એટલું જ જ્ઞાન મળી શકે છે (એકલવ્ય ભીલ)
- પિતાના ફોટાના વિનયમાં સાક્ષાત્ પિતાના વિનય જેટલો આનંદ મળે છે.

બસ એ જ રીતે શ્રદ્ધાસભર ભવ્યજીવને જિનપ્રતિમાના વિનયમાં-સેવામાં-ભક્તિમાં-દર્શનમાં ભાવનિક્ષેપે રહેલા સાક્ષાત્ જિનવરના વિનયાદિ જેટલો જ લાભ મળે છે. અગર જો જિનવરની પ્રતિમા ખુદ જિનવર જેટલી જ ફળદાયી=સુખદાયી=લાભપ્રદ બને છે તો શ્રદ્ધાળુ ભવ્યજન શા માટે આવો લાભ જતો કરે ?

બાકી શ્રદ્ધાહીન વ્યક્તિને સાક્ષાત્ જિનેશ્વરદેવ મળી જાય તો પણ એને શું લાભ મળે ? જીરણશેઠને ભાવસાધુ સ્વરૂપ મહાવીરસ્વામી ગોચરી વ્હોરાવવા માટે ન મળ્યા તો પણ એ કેટલું કમાયા ? અને આવા જ ભાવરૂપે એ મળ્યા તો પૂરણશેઠને શો આત્મિક લાભ થયો ? કશો નહીં. સંગમદેવને કાનમાં ખીલ્લા ઠોકનાર ગોવાળને ભાવસાધુસ્વરૂપ મહાવીરદેવથી શું લાભ મળ્યો ? કાંઈ જ નહીં. કપિલાદાસીને ગોચરી વ્હોરાવવા માટે ભાવરૂપે સાધુ મળ્યા તો પણ એણી શું કમાણી ? કાંઈ જ નહીં. નામરૂપે-સ્થાપના (પ્રતિમા)રૂપે, દ્રવ્યરૂપે (પૂર્વ-પછીની અવસ્થા) રૂપે પણ વ્યક્તિ વસ્તુ પાસેથી જો તેના ભાવનિક્ષેપા જેટલો જ લાભ શ્રદ્ધાના-વિવેકના પ્રભાવથી મળી શકતો હોય તો આવી શ્રદ્ધા-વિવેકનો સદુપયોગ કરી લાભ શા માટે ન મેળવી લેવો ? આત્માર્થી ભવ્ય જીવો આ વાતને ખૂબ ગંભીરતાથી વિચારે !

❀❀❀❀❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ❀ ફૂલોની શિખામણ ❀

ગુલાબને કાંટા લાગ્યા છે, કમળને કાદવ ચોટ્યો છે. ચંદનને સાપ વીંટળાયા છે અને માનવ દુઃખથી ઘેરાયેલો છે.

ગુલાબ કાંટા વચ્ચેય હસે છે, કમળ કાદવ વચ્ચે પણ હરખાય છે, ચંદન સાપની ભીસમાં પણ સ્મિત વેરે છે.

પણ માનવ?

માનવ જ એક એવો છે કે જે દુઃખથી ડરે છે, દુઃખ માટે ફરિયાદ કરે છે દુઃખથી વિચલિત બની જાય છે, દુઃખમાં પોતાનો સ્વ-સ્વભાવ ભૂલી જાય છે અને પરભાવમાં જીવે છે.

ગુલાબ કહે છે : હું કાંટા પ્રત્યે ધ્યાન જ નથી આપતો. તમે બધા કહો છો કે મને કાંટા વળગેલા છે એટલે માની લઉ છું બાકી મારૂં કામ તો સુવાસ ફેલાવવાનું છે. અને એ સિવાય બીજા કશાયનું મને ભાન નથી.

કમળ કહે છે : હું કાદવની ચિંતા નથી કરતો એનાથી દુર રહી તળાવને સુશોભિત કરૂં છે.

ચંદન કહે છે : હું સાપથી ડરતો નથી એ મને વીંટળાયેલો હોવા છતાં સુગંધમય વાતાવરણ ઉભું કરી દઉ છું.

આથી જ માનવી ગુલાબને ચૂટે છે કાંટાને નહિ.

આથી જ માનવી કાદવ તો ચૂંથે છે. પણ ચૂંટે છે તો કમળ જ.

આથી જ માનવી સાપના ઝેરને ભેગું નથી કરતો, તે ચંદનના કાષ્ટ જ એકઠાં કરે છે.

પરંતુ માનવ! ફૂલોની શિખામણ તેં યાદ રાખી છે?

ફૂલો કહે છે...

અમે સદાય પ્રસન્ન રહીએ છીએ, તું પણ હર પળે પ્રસન્ન રહે.

અમે દુઃખમાં પણ રડતા નથી, તું પણ દુઃખમાં ડરીશ નહિ.

અમે સાંજ પડતાં કરમાઈ જઈએ છીએ તેમ તું પણ એક દિવસ મરવાનો જ છે ને? માટે અંતિમ શ્વાસ સુધી એવું જીવન બનાવ કે મર્યા પછી પણ તારા જીવનની સુગંધ ફેલાયેલી રહે.

પત્ર બોધ પુસ્તકમાંથી સાભાર. રજૂકર્તા : મુકેશ એ. સરવૈયા.

## ❀ નીતિ ધર્મની કેવી જબરી તાકાત ❀

એક વખત ગુજરાતમાં ભયંકર કોટિનો દુકાળ શરૂ થયો. ગુજરાતનો નાથ અકળાઈ ગયો. તેણે જોષીઓને બોલાવ્યા. જોષીઓએ દુકાળના ભયાનક ગ્રહોની સ્થિતિ સમજાવીએ રાજાને વધુ બેચેન કરી મૂક્યો. પણ છેલ્લે તેમણે કહ્યું 'છતાં એક ઉપાય છે. આપના નગરની અંદર સંપૂર્ણ નીતિમાન એક જૈન શ્રાવક રહે છે. જો તે આકાશ નીચે ખુલ્લામાં આવીને ઊભો રહે અને આકાશ સામે જોઈને તે કહે કે, 'હે વરસાદ! તું પડ.' તો ધોધમાર વરસાદ તૂટી પડે.'

આ સાંભળીને રાજા જાતે તે શ્રાવકને ઘેર ગયો અને વરસાદ લાવવા માટે વિનંતી કરી.

મહાદયાળુ શ્રાવકે હાથમાં ત્રાંજવું લીધું અને આકાશ નીચે જઈ ઊભો રહ્યો અને ત્રાજવું ઊંચું રાખીને તે બોલ્યો કે : 'હે વરુણદેવ! જો આ ત્રાજવામાં મેં કદાપિ અનીતિ કરી હોય તો આ ચાલતો દુકાળ કાયમી બની જાય, પણ જો મેં અનીતિ કરી ન હોય તો હમણાં જ બારેખાંગે મેહ વરસી પડો.' અને ખરેખર ધોધમાર વરસાદ તૂટી પડ્યો. કેવી છે નીતિના નાનકડા ધર્મની પ્રચંડ તાકાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડિસેમ્બર-૦૩ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

मृषाभाषणमन्यायः परनिन्दायवञ्चनम् ।
द्वेषदृष्टिः क्रुदावेशः सर्वं हिंसा भवत्यदः ॥

卐

મૃષાભાષણ, અન્યાય, પરનિન્દા, બીજાને ઠગવું, દ્વેષદષ્ટિ, ક્રોધાવેશ એ બધું હિંસા છે. ૨૭

卐

Falsehood, injustice, censuring another, cheating, hatred, wrath- all these are included in sinful Hinsa. 27

*(કલ્યાણભારતી ચેપ્ટર-૧૫, ગાથા-૨૭, પૃષ્ઠ-૩૩૧)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only